વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT

૧૫ જાન્યુઆરી-૨૦૨૧ Vol. 15 No. 1

# તળપદા રેશનાલીસ્ટ મુકુંદભાઈ



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
**www.satyanveshan.com** પર જાઓ.

# લખાય તે જ ‘વંચાય’ યુનીવર્સીટીમાં !

લખવાથી વીચારોમાં સ્પષ્ટતા અને ચોકસાઈ આવે છે. આથી લેખન, છાપકામ અને ત્યારબાદ ઈ-લેખન થકી ઘણા વીચારોનો સંગ્રહ થાય છે. કોઈ એક ચોકકસ વીચારને પકડીને તેમાં સમય જતા કેટલા સુધારા-વધારા-ઘટાડા આવ્યા તેને નોખા પાડીને એ ચોકકસ વીચારનું સમગ્રતયા દર્શન થઈ શકે છે. આ માટે સૌથી પહેલી અને સૌથી વધારે અગત્યની શરત એ છે કે એ વીચારોને લગતાં લેખન ‘વંચાવા’ જોઈએ. ‘વંચાવા’ એટલે સંબંધીત લેખનનો મર્મ પકડવો, એના ઐતીહાસીક-સામાજીક સંદર્ભો સમજવા, અને સમયાંતરે એ વીચારની પ્રસ્તુતતાને તપાસવી. પ્રવર્તમાન કાળમાં એ વીચારનું સ્વરુપ સમજવું. આ બહુ મોટી માનસીક કસરત છે. જેમની પાસે એ કસરત કરવાની ક્ષમતા હોય અને મોકળાશ હોય તે જ લોકો આ કરી શકે. આ લોકોને તે માટે પુરી સગવડો સાથેનું વીદ્યાધામ મળવું જોઈએ. આ વીદ્યાધામ સમાજના રોજીંદા નાનાં-મોટાં કાર્યોથી અલીપ્ત હોવું જોઈએ. વીચારવા, વાંચવા અને અભીવ્યકતીની સંપુર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ. સમાજના કે કોઈક જુથના સ્થાપીત હીતો, વીચારધારા અને રીતવીધીથી એ બાબત અલગ હોય કે વીરોધી હોય તો પણ તે વીચારવાથી માંડી અભીવ્યકતી સુધીના તબકકાએ સહજતાથી આગળ વધવી જોઈએ.

રાજયની સુરક્ષા હેઠળ આવા વીદ્યાધામનું સર્જન થઈ શકે તે ‘વીચાર’ બારમી સદીમાં પેરીસમાં મુર્ત સ્વરુપ પામ્યો. જાણવા જેવું છે કે આ મુર્ત સ્વરુપ દેવળો તરફથી ચાલતી શાળાઓમાં સ્થાન પામ્યું ! આ યુનીવર્સીટીઓ સૌથી પહેલા ખ્રીસ્તી ધર્મના ઓછાયા નીચે શરુ થઈ, છતાં એની રચના પ્રસંગે એને ‘બીનસાંપ્રદાયીક’ રાખવાની ઘોષણા થઈ ! ત્યારથી આજદીન સુધી યુનીવર્સીટીઓ અને બધા જ વીદ્યાધામો બીનસાંપ્રદાયીક રહે તો જ જ્ઞાનની ફસલ મેળવી શકાય છે,

---

કેટલાક ધર્મો કહે છે કે આલોક એટલે કે આપણી પૃથ્વી અનાદી-અનંત છે. વીજ્ઞાને શોધેલ બીગ બેન્ગ થીયરી ધર્મની આ વાતને ખોટી પાડે છે. આજથી ૧૩.૭ અબજ વર્ષે પુર્વે બીગ બેન્ગ થયું ત્યારબાદ પૃથ્વી પેદા થઈ. પૃથ્વીની જેમ મોટા ભાગના ધર્મો માનવ અને જીવસૃષ્ટીના અસ્તીત્વને પણ અનાદી-અનંત હોવાનું જણાવે છે. પૃથ્વીના ૧૩.૭ અબજ વર્ષના અસ્તીત્વ દરમીયાન લગભગ ૧૩.૦૦ અબજ વર્ષ તો પૃથ્વી પર સૃષ્ટી જ નહોતી ! લગભગ ૭૦ કરોડ વર્ષ પુર્વે અમીબા-ટ્રીયોબાઈટ્સ જેવા સુક્ષ્મ જંતુઓ પહેલીવાર પેદા થયા. આજથી માત્ર બાવીસ કરોડ અને પચાસ લાખ વર્ષ પુર્વે ડીનોસોર પેદા થયા. કોઈપણ ધર્મે ડીનોસર અંગે કશું જણાવ્યું નથી, જયારે હકીકત એ છે કે ડીનોસોરનું અસ્તીત્વ પૃથ્વી પર સોળ કરોડ વર્ષ જેટલું ટકયું ! આજથી છ કરોડ અને પચાસ લાખ પુર્વે ડીનોસોરનું અસ્તીત્વ લુપ્ત થયું. ત્યારબાદ ઘણા લાંબા સમયે એટલે કે આજથી માંડ એક કરોડ વર્ષ પુર્વે માણસ નામની પ્રજાતીના પુર્વજોનું અસ્તીત્વ શરુ થયું. આમ માણસ તો હજી આ પૃથ્વી પર નવોસવો છે. એને અનાદી-અનંત દશ વીષા ધર્મો ગપ્પાં મારે છે.

# સત્યાન્વેષણ

**મુખ્ય સંપાદક**

**સુર્યકાન્ત શાહ**

**સંપાદક મંડળ**

**બી. એ. પરીખ** | **સીદ્ધાર્થ દેગામી** | **સુનીલ શાહ**
**પ્રેમ સુમેસરા** | | **મનસુખ નારીયા**

**૧૫ જાન્યુઆરી, ૨૦૨૧** | **સળંગ અંક : ૩૫૦** | **Vol. 15 No. 1**

**('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)**


## તળપદા રેશનાલીસ્ટ મુકુંદભાઈ

**–સુર્યકાન્ત શાહ**

અત્યંત રુઢીચુસ્ત આપણા સમાજમાં રેશનાલીસ્ટ બનવું, અને પોતે રેશનાલીસ્ટ હોવાનું આ જ સમાજને જણાવવું એ પોતે એક હીંમતનું કાર્ય છે. જેઓ રેશનાલીસ્ટ હોવાનું જાહેર કરે છે એમણે એક યા બીજા માધ્યમ દ્વારા પરસ્પર સંપર્કો તાજા રાખવા જોઈએ, અને વીચાર વીનીમય કરવો જોઈએ. આ બન્ને હીંમતનાં કાર્ય કર્યા પછી જે રેશનાલીસ્ટ સામાન્ય જનને મળે અને પોતાની રીતે તેમ જ સામાન્ય જન સમજી શકે તે પદ્ધતીએ રેશનાલીઝમની વાત એની સમક્ષ મુકનાર તો વીરલો જ ગણાય. આપણા ગુજરાતમાં ગણનાપાત્ર સંખ્યામાં આવા વીરલા છે તે ગુજરાતનું ગૌરવ છે. આ માટે પોતપોતાની રીતે પોતપોતાના ક્ષેત્રમાં વહેમ-અંધશ્રદ્ધાની વીરુદ્ધમાં તો કાર્ય કરે જ છે, પરંતુ એમાંના કેટલાક આગળ વધીને લોકોમાં વૈચારીક પરીવર્તન આવે તે માટે પણ પ્રવૃત્ત છે.

હજી આગળ વધીને કેટલાક અપવાદરુપ કર્મઠ રેશનાલીસ્ટો સમાજમાં જેઓ પાછળ રહી ગયા છે તેમની વચ્ચે જાય છે. એમને વૈજ્ઞાનીક અભીગમ કેળવવાને માટે સમજાવે છે. આ લોકોની વચ્ચે જનારા ભારેખમ ભાષા અને વીદ્વતાનું પ્રદર્શન કરી શકતા નથી, કરતા પણ

---

**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ**

નથી. તેઓ આ લોકો જેવા તળપદા બનીને જાણે તેમનામાંના જ એક હોય તે રીતે એમની સાથે એક રસ બનીને એમના દીલમાં પહોંચે છે. ત્યાં પહોંચ્યા બાદ એમને સમજ પડે અને તેઓ સંમંત થાય તે રીતે યુકતીપુર્વક એમને વહેમ-અંધશ્રદ્ધામાંથી મુકત થવાનું તો સમજાવે જ છે, પરંતુ આગળ વધીને રેશનાલીઝમને સ્વીકારવા પરત્વે આંગળી ચીંધે છે. આપણી વચ્ચેથી જેમણે હમણાં જ ચીરવીદાય લીધી તે મુકુન્દભાઈ સીંધવ એવા એક તળપદા રેશનાલીસ્ટ હતા. તેઓશ્રી સામાન્ય જનની વચ્ચે ખુબ સહજતાથી બેસી જતા. એમની નાની-મોટી વાતોને શાંતીથી સાંભળતા. એમની વાતોમાંથી જ વહેમ-અંધશ્રદ્ધાનો તાંતણો પકડીને એનાથી મુકત થવાનું પ્રયોગો, પ્રવચનો, વાર્તાલાપો, અવૈધીક વાતો વડે સમજાવતા હતા. જયાં એમને એવું લાગે કે કોઈક વ્યકતી આગળ વધીને રેશનાલીઝમ સમજવા ઉત્સુક છે તો તેને તે તરફ પણ દોરી જતા. મુકુંદભાઈ સાચા અર્થમાં તળપદા રેશનાલીસ્ટ હતા. તેઓ આપણી વચ્ચેથી વીદાય થયા તે વસમુ તો લાગે જ, પરંતુ એમની જે કાર્યશૈલી હતી તેવી શૈલી વડે સામાન્ય જન પાસે કોણ જશે એ અનુત્તર પ્રશ્ન છોડી ગયા છે. જોઈએ...આપણામાંથી જ આવો કોઈક વીરલો નીકળશે જે સામાન્ય જનને રેશનાલીઝમના પાઠ શીખવશે.

## વાચકોના મીતભાષી અભીપ્રાયો

***અશ્વીનકુમાર ન. કારીઆ, પાલનપુર :** 'નયા માર્ગ', 'વીવેક પંથી' તેમ જ 'માનવવાદ' બંધ થયા. તેથી રેશનાલીઝમ માટે 'સત્યાન્વેષણ' એક જ રહયું. આ સંબંધમાં મારું સુચન છે કે તેનું કદ થોડું વધારે હોય તો વધારે સામગ્રી સમાવી શકાય અને વાચકોને જાણકારી મળે. અલબત્ત, લવાજમનો પ્રશ્ન તો રહેવાનો જ , પણ કંઈક રસ્તો નીકળે તો સારુ.

(**નોંધ :** અશ્વીનભાઈની વાત સંપુર્ણ સાચી છે. હમણાં તો અમને એવો એક રસ્તો સુઝે છે કે સૌ રેશનાલીસ્ટો અને વાચકો 'સત્યાન્વેષણ'ના વાચકોની સંખ્યા વધારે. આજીવન (રૂા. ૨૦૦૦) અથવા છેવટે વાર્ષીક (રૂા. ૨૦૦)ના લવાજમ અત્રે મોકલવામાં આવે. કોઈને આજીવન ન થવું હોય તો બે-ત્રણ વર્ષના પણ થઈ શકે. અત્યારે તો 'સત્યાન્વેષણ'ના વાચકોની સંખ્યા વધારવાની બાબતને અગ્રીમતા આપવી જોઈએ.-સુ.)

# માણસની અળવીતરાઈ

**-તંત્રીલેખ**

એકવીસમી સદી ઘણાં પરીવર્તન સાથે આવી છે. પરીવર્તન સારુ અથવા નરસુ પણ હોઈ શકે છે. એકવીસમી સદીની જો સૌથી મોટી કોઈ દેણ હોય અથવા મનુષ્ય જાતી માટે આઘાત હોય તો તે છે 'કોરોના વાયરસ !' કોરોના વાયરસે માણસનું જીવન ધરમુળમાંથી બદલી નાંખ્યું છે. કોરોના વાયરસ માણસના જીવનમાં ભવીષ્યે એક અમીટ છાપ છોડી જશે, અને મનુષ્ય જાતી આ વાયરસને સદીઓ સુધી યાદ પણ રાખશે. ગનીમત માનીએ કે આજે નહીં તો કાલે આ ઘાતક ગણાતા વાયરસ પર વીજ્ઞાન એક દીવસ વીજય પ્રાપ્ત કરશે. માણસ જીવનની સંપુર્ણ આધુનીકતાની કોઈ દેણ હોય તો તે છે વીજ્ઞાન ! અથવા અત્યારનું મનુષ્ય જીવન સંપુર્ણ રીતે વીજ્ઞાન આધારીત છે. વીજ્ઞાન સૃષ્ટીના જેટલા અંધારીયા પડળ ઉકેલે છે, એટલા જ સામે નવા અંધારીયા પડળ મનુષ્ય જાતી માટે પ્રગટ થતા રહે છે.

હવા, પાણી અને સુર્ય આ સૃષ્ટીનાં પ્રાણ તત્ત્વો છે. એના વીના જીવસૃષ્ટી સંભવીત જ નથી. પૃથ્વીના જે પ્રદેશમાં સુર્ય માંડ દેખાય છે, ત્યાં જયારે સુર્ય દર્શન આપે ત્યારે લોકોમાં ઉત્સવ જેવું વાતાવરણ સર્જાતું હોય છે. આખરે પૃથ્વીનો પીતા પણ સુર્ય જ ગણાય ને ! હવાનું મુલ્ય માણસને જયારે નાક પર ઓકસીજનની નળી લાગે ત્યારે જ સમજાતું હોય છે. કોઈપણ વસ્તુની સરળતાથી ઉપલબ્ધી, એ વસ્તુનું અવમુલ્યાંકન કરતી હોય છે. ઘરના નળની ચકલી ખોલીએ અને પાણી આવે એ વ્યકતીને રણપ્રદેશમાં મળતા એક પવાલા પાણીની કીંમત ના સમજાય. રણપ્રદેશમાં પાણી વગર ટળવળતા માણસને જયારે એક ખોબો પાણી મળે, ત્યારે એ એક ખોબા જેટલા પાણી આગળ કુબેરના ભંડારો પણ 'પાણી' ભરતા હોય છે.

ગાંધીજી હંમેશાં કહેતા કે, માણસની જરુરીયાતને સંતોષવાની તાકાત પ્રકૃતી પાસે છે, પરંતુ માણસની લોભવૃત્તી સંતોષવાની ક્ષમતા એની પાસે નથી. પ્રકૃતીની ક્ષમતાને અતીક્રમીને એનું જયારે દોહન થાય ત્યારે જ પ્રકૃતીના વીપરીત પ્રત્યાઘાત પડતા હોય છે. માણસ ધારે તો પૃથ્વીરુપી ઘરને સુંદરવન બનાવી શકે એમ છે, પણ માણસની અળવીતરાઈ એને દાવાનળ તરફ ધકેલી રહી છે.

એરીસ્ટોટલ કહે છે કે, 'માણસ એક સામાજીક પ્રાણી છે.' પછી આગળ ઉમેરે છે કે, 'એ જયારે સામાજીક પ્રાણી નથી હોતો ત્યારે એના જેવો ખતરનાક પ્રાણી અન્ય કોઈ

નથી હોતો,' અણુબોમ્બના ઢગલા પર બેઠેલા દેશો હંમેશાં એકબીજા સામે બાંયો ચઢાવતા રહેતા હોય છે. બધા જ દેશોના અણુબોમ્બને એકત્રીત કરીને જો વીસ્ફોટ કરવામાં આવે તો આ પૃથ્વીનો એક કે બે વખત નહીં, પરંતુ પુરા સાત વખત નાશ કરી શકાય એમ છે. મનુષ્ય જાતીએ વીચારવા જેવું ખરું કે, 'આપણો વીકાસ અને પ્રગતીની દીશા ઉર્ધ્વમુલ તરફની છે, કે પછી અધોગતીની ખીણ તરફની ?' જગતના બધા દેશો જે હથીયાર પાછળ પૈસા ખર્ચ કરે છે, એ પૈસા જગતના માનવ કલ્યાણ પાછળ ખર્ચાય તો આ પૃથ્વીનો એક પણ માણસ રોટી, કપડાં અને મકાન વગર રહે ખરો ? પૃથ્વીનું સૌથી બુદ્ધીશાળી પ્રાણી એટલે માનવી ! પણ 'બુદ્ધી' હંમેશાં સાત્વીક અને સકારાત્મક જ હોય એવું નથી. જે ઘટે છે કે ખુટે છે તે છે 'વીવેક !' માણસ જો ખરેખર 'વીવેકબુદ્ધી' પુર્વક વર્તે તો આ પૃથ્વી સુંદરવન, નંદનવન અને હરીયાળું ઉપવન બની શકે એમ છે. પણ વો દીન કહાં...!

---

## વીજ્ઞાનની જન્મદાત્રી લેખન–કસબ

સત્તરમી સદીમાં વીજ્ઞાનનો વીધીપુર્વક આવીષ્કાર થયો તે પુર્વે જે કેટલાક કસબ માનવજાતે હસ્તગત કર્યા હતા તેમાંનો એક કસબ છે લેખન-કસબ. ઈ. સ. પુર્વે ૪,૦૦૦ વર્ષ દરમ્યાન સુમેરીયન લોકોએ સૌથી પહેલા લેખન-કસબ વીકસાવ્યો. એમણે માટીના ચોસલા પર ચોક્કસ વીચારના પ્રતીકને દર્શાવીને મળેલ જ્ઞાન તેમ જ કસબને ગ્રંથસ્થ કર્યો ! સમયના આ બીંદુથી જ્ઞાન-વીચાર-કસબનો સંગ્રહ શરુ થયો કે જે નવી પેઢીને વારસામાં મળવા માંડયો. માનવજાત મળેલ વારસાને આગળ વધારવા માટે શકતીમાન બની. લખેલ બાબતોને વારંવાર તપાસવાનું શકય બન્યું. પરીણામે તેમાં સુધારા-વધારા શકય બન્યા. વીજ્ઞાનને માટે આ બધું જરુરી હતું, અને આજે પણ છે. વીજ્ઞાન તો વારસામાં મળેલાં સંશોધનો અને નવા સંશોધનોના 'પાઠ' તૈયાર કરે છે, અને એનાં સટીક અવલોકનો કરે છે. સુધારા-વધારા જ નહીં, જો કોઈક સંશોધન ત્યજવા યોગ્ય હોય તો ત્યજી પણ દે છે. આ માટે વીચારોની અભીવ્યકતીનું પ્રમાણીકરણ (standardisation) થવું જરુરી છે. ભાષા અને લેખનને કારણે પ્રામાણીકરણ શકય બન્યું. લેખન-કસબ વીના વીજ્ઞાન અસ્તીત્વમાં જ નહીં આવતે ! અલબત્ત, લેખન તો એક કસબ છે. એનો ઉપયોગ કોઈપણ કરી શકે. ઈતીહાસ જોતા દેખાય છે કે ધર્મોએ તેનો પુષ્કળ ઉપયોગ કર્યો છે. લેખનની મદદથી જ ધર્મો ભકતોને ભેગા કરી શકે છે, બહેકાવી શકે છે. ધર્મોના આ ઝંઝાવાતની સામે વીજ્ઞાનવીષયક લેખન અખંડ દીપક જયોતની જેમ પ્રકાશે છે તે એની મોટી સીદ્ધી છે.

## સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો

# (૧) ગુરુ-શની મીલન

### ગ્રેટ કન્જકશન અંગે પ્રી. મનસુખ નારીયાનો ઓનલાઈન વાર્તાલાપ યોજાયો

તા. ૨૧ ડીસે. રાત્રે સુર્યાસ્ત બાદ તરત જ પશ્ચીમ ક્ષીતીજથી ૩૦ ડીગ્રી ઉપર ગુરુ અને શની ગ્રહો નજીક જોવા મળ્યા. આ ઘટના દર ૨૦ વર્ષે બને છે, પરંતુ ડીસે.-૨૦૨૦માં બનેલ આ ઘટનામાં ગુરુ-શની ૦.૧ ડીગ્રી જેટલા નજીક આવ્યા છે, આ રીતની ઘટના ૮૦૦ વર્ષે બને છે. તેથી આ ઘટના જોવા સુરતના વરાછા રોડ ભાતવાડી ખાતે ઓન લાઈન નીદર્શન પ્રોગ્રામ સત્યશોધક સભા અને જીલ્લા લોક વીજ્ઞાન કેન્દ્ર દ્વારા યોજાયો હતો. જેમાં તજજ્ઞ વકતા પ્રી. મનસુખ નારીયાએ આ ઘટના અંગે ઓનલાઈન લાઈવ રસપ્રદ માહીતી આપી પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા. મનસુખભાઈએ ગુરુશની મહાયુતીની અસરો અંગે જયોતીષીઓએ ફેલાવેલ અવૈજ્ઞાનીક માહીતીનું ખંડન કરી સાચી વૈજ્ઞાનીક માહીતી આપતા જણાવ્યું હતું કે આ યુતી દરમ્યાન ગુરુ શની વચ્ચે લાખો કી.મી.નું અંતર છે. તેની સંયુકત અસરથી આપણી બાજુમાં પડેલ ૧૦૦ કીલોની વસ્તુથી થતી ગુરુત્વાકર્ષણની નજીવી નગણ્ય અસર થાય છે. તેથી કોઈ ખોટી અફવાઓમાં માનવું નહીં. વધુમાં લાંબા ટુંકા સરખા દીવસ-રાતની પણ વૈજ્ઞાનીક માહીતી આપી હતી. તે મુજબ ૨૧ ડીસેમ્બરે સૌથી લાંબી રાત અને સૌથી ટુંકો દીવસ હોય છે. ૨૧ જુનમાં તેનાથી ઉલટું હોય છે. ૨૧ માર્ચ, ૨૧ સપ્ટે. રાત દીવસ સરખા હોય છે.

૨૧ ડીસેમ્બર, ૧૩.૧૦ કલાકની લાંબામાં લાંબી રાત અને ૧૦.૫૦ કલાકનો ટુંકામાં ટુંકો દીવસ હતો તેની પણ માહીતી આપી હતી. ઝુમ અને એફ. બી. પર ૧૦૦ થી વધુ જીજ્ઞાસુઓ જોડાયા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સંકલન જી. એન. કાકડીયા તથા સીદ્ધાર્થ દેગામીએ કર્યું હતું.

## (૨) બાબુભાઈને સ્મરણાંજલી

તા. ૨૭-૨-૨૦૨૦ને રવીવાર, શ્રી બાબુભાઈ દેસાઈની ચોથી નીધનતીથી નીમીત્તે સવારે ૧૧.૦૦ કલાકે ઝુમ એપ્લીકેશન ઉપર ઓનલાઈન તેમના ‘તૈલીચીત્ર’ ના અનાવરણનો કાર્યક્રમ આખવામાં આવ્યો હતો. કાર્યક્રમની પુર્વભુમીકા તથા ઝુમ એપ્લીકેશનમાં જોડાયેલ તમામને સત્યશોધક સભાના પ્રમુખશ્રી સીદ્ધાર્થ દેગામીએ આપ્યો હતો. બાબુભાઈના તૈલચીત્રનું અનાવરણ ચીત્ર તૈયાર કરનાર સભાના સભ્ય શ્રી ગુણવંતભાઈ ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું હતું. બાબુભાઈ સાથેનાં સ્મરણો ગુણવંતભાઈ ચૌધરીએ જણાવ્યા હતા. સભાના પેટ્રન ડૉ. બી. એ. પરીખ સાહેબે સત્ય શોધક સભા અને બાબુભાઈની પ્રવૃત્તીનો અહેવાલ આપ્યો હતો. શ્રી વીજયભાઈ ભગત તથા બાબુભાઈની પુત્રી સપના તથા સભાના સભ્ય શ્રી વલ્લભભાઈ ઈટાલીયાએ પ્રસંગોચીત ઉદ્‌બોધન કર્યું હતું. બાબુભાઈના પૌત્ર શ્રી માલવે નાનાને યાદ કરી પોતે જીવનમાં રેશનલ કેમ બન્યો તે જણાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રેમ સુમેસરાએ કર્યું હતું.

# મુકુંદભાઈને સ્મરણાંજલી

મુકુંદભાઈ લાગણીશીલ અને પ્રેમાળ સ્વભાવના હતા. તેઓ કોઈપણ વ્યકતીને અન્યાય ન થાય તેનું ધ્યાન રાખતા હતા. **-જયગણેશ બી. ચૌહાણ**

## સાચા હમદર્દ

અમોને સાચા હમદર્દ ગુમાવ્યા એનું દુઃખ છે. પછાત વીસ્તારમાં રેશનાલીઝમના Jteatthtlte"tkte"tFtJtl tth y tB Jtl t Ctfit"tthel tuj ttj t mtj tttt. **–જે. કે. સુથાર**

## જીવન સાદુ, આદર્શો ઉંચા

એક અમારો સાથીદાર, માર્ગદર્શક, રેશનાલીસ્ટ, વૈજ્ઞાનીક અભીગમી ગુમાવ્યાનો અમોને ખુબ જ વસવસો છે... હંમેશાં પરોપકાર અને સાદાઈના ઉચ્ચ આદર્શો દ્વારા જીવનને સાચા અર્થમાં સાર્થક કરી બતાવ્યું. મુકુંદભાઈ હંમેશાં યાદ રહેશે.

આપણી વચ્ચે એમનાં કાર્યો અને એમના વીચારોની કંડારાયેલી કેડી આપણી પથદર્શક બનશે. એમનાં બાકી સપનાં અને અધુરાં કાર્યો તેમ જ જીલ્લામાં રેશનાલીઝમ અને સમાનતાનાં બાકી કાર્યો પુરાં કરીને આપણે એમને શ્રદ્ધાંજલી અર્પીશું. **–ભરતસીંહ સોલંકી**

## અણધારી વીદાય

મુકુંદભાઈની અણધારી વીદાયથી રેશનાલીસ્ટ આલમમાં દુઃખની લાગણી છવાઈ છે. પાલનપુરમાં યોજાતા દરેક કાર્યક્રમમાં એમની હાજરી અવશ્ય રહેતી. થોડા સમયથી એમની તબીયત નાદુરસ્ત હોવા છતાં તેઓ સક્રીય હતા. રેશનાલીઝમના ક્ષેત્રમાં એમણે કરેલ કામો હંમેશાં યાદ રહેશે. એમને લાખ લાખ વંદન.

બનાસકાંઠા જીલ્લા અંધશ્રદ્ધા નીર્મુલન સમીતી, પાલનપુર તરફથી હૃદયપુર્વક સ્મરણાંજલી પાઠવું છું. **–ગીરીશ સુંઢીયા**

---

મુકુન્દભાઈ - હ્યુમેનીસ્ટ - રેશનાલીસ્ટ તરીકે જાણીતુ નામ - ગોધરા પંચમહાલ - ગુજરાતમાં અભય વ્યકિતત્વના માલીક. આંદોલનાત્મક પ્રવૃત્તીઓના આયોજક/સંચાલક ...રેશનાલીઝમની પ્રવૃત્તીઓ માટે હંમેશાં પ્રતીબદ્ધ પુરી નીષ્ઠા સાથે. માણસ માત્ર ને માત્ર મદદરુપ થવાની ખેવના...નાદુરસ્ત તબીયત વચ્ચે પણ સક્રીય રહેતા.

'રમણ-ભ્રમણ' એવોર્ડ દ્વારા સુરતની સત્યશોધક સભાએ તેઓને સન્માન્યા હતા. તેમના કાલકૃત થવાથી ગુજરાતને તેમની ખોટ સાલશે...છેલ્લા દીવસોમાં વાતચીત થતી રહેતી. મારા સ્નેહી મીત્ર-૧૯૯૫થી સંપર્કમાં. છેલ્લે સ્મશાનમાં મળવાનું બન્યું. વીદાય આપી. અલવીદા મુકુંદભાઈ... **–ડો. માહયાવંશી**

## સ્મરણીય મુકુન્દ સીંધવ

રેશનાલીઝમની પ્રવૃત્તીમાં મને યાદ છે ત્યાં સુધી મેં ૧૯૮૮માં પ્રવેશ કર્યો. અને ત્યારથી અશ્વીન કારીઆ સાહેબના સંપર્કમાં આવ્યો. તેઓ અવારનવાર શીબીરો યોજે અને મને અવશ્ય આમંત્રણ મોકલતા. આ શીબીરોમાં મુકુન્દભાઈ તો હાજર હોય જ. એટલે ઘણા સમયથી તેમના સંપર્કમાં છું. પાલનપુરની લગભગ બધી જ શીબીરોમાં તેઓ અવશ્ય આવતા. કાળી ચૌદશની રાત્રે પાખંડવેલ સીરીયલના ઉદ્‌ઘાટન પ્રસંગે પણ તેઓ રાત્રે પાલનપુર આવીને કાર્યક્રમ પછી ગોધરા જવા રવાના થયેલા.

માનવતાવાદી,નીડર અને કર્મઠ રેશનાલીસ્ટ મીત્રની આકસ્મીક વીદાયથી રેશનાલીઝમને મોટી ખોટ પડી છે. સાથે મળીને કરેલી પ્રવૃત્તીઓની યાદો હંમેશાં આવશે.

રેશનાલીઝમના ક્ષેત્રમાં એમણે કરેલ કામો હંમેશાં યાદ રહેશે. એમને લાખ લાખ વંદન.

બનાસકાંઠા જીલ્લા અંધશ્રદ્ધા નીર્મુલનસમીતી, પાલનપુર તરફથી હૃદયપુર્વક સ્મરણાંજલી પાઠવું છું.

### આખરી શ્વાસ સુધી રેશનાલીસ્ટ

રેશનાલીસ્ટ મુકુંદભાઈ સીંધવની ગુજરાતમાં રેશનાલીસ્ટ તરીકે નામના હતી. તેઓ એક ખૂબ જ સારી વ્યકતી તરીકે મદદગાર પણ હતા. પાયાના અને આખરી શ્વાસ સુધી રેશનાલીસ્ટ તરીકે કાર્યરત રહયા હતા. તેઓના જવાથી ગુજરાતે એક ઉમદા રેશનાલીસ્ટ ગુમાવ્યા છે, મુંબઈ ગુજરાત રેશનાલીસ્ટ એસો. એમના કુટુંબીજનોને દીલસોજી પાઠવે છે.

**–પીયુષ જાદુગર**

## મકુંદભાઈ સીંધવના અવસાન નીમીત્તે આવેલા શોક–સંદેશા

**–સંયોજક : બીપીન શ્રોફ**

- મુકુંદભાઈનું સાદુ જીવન હતું. તેઓશ્રીને અનેક વખત મળવાનું થયું હતું. તેમના વીચારો સ્પષ્ટ હતા. 'સંદેશ' અખબારમાં મારી કોલમ 'પગેરુ' પ્રગટ થતી હતી. તેની ઉપરથી એમણે વેબસીરીઝ બનાવી હતી. સાદર અંજલી.-**રમેશ સવાણી, નીવૃત્ત આઈપીએસ અધીકારી.**
- ખુબ જ પ્રેમાળ સ્વભાવ, ગરીબો, વંચીત સમાજની હરહંમેશ પડખે રહેનાર અગ્રેસર હતા. મારા ગોધરા શહેરના એક સાચા માનવતાવાદી, હોદ્દાની ખોટ હમેશા રહેશે.

  **– સઈદ ઉમરજી. ગોધરા**

- અમે એક સાચો માનવવાદી રેશનાલીસ્ટ ગુમાવ્યો છે – **ધીરુ મીસ્ત્રી, વડોદરા**
- એ માનવતાના પુજારીને સલામ – **જગદીશ બારોટ, કેનેડા**
- ખુબ જ દુઃખદ સમાચાર, એકદમ નીરાળો સ્વભાવ, કેટલાક કેમ્પ સાથે મળીને કર્યા હતા. એકદમ નીખાલસ માણસ, ખરેખર 'માણસ'–**તૃપ્તી શેઠ, વડોદરા**
- ગરીબ, વંચીત ને અસંગઠીત કામદારોના હીત માટે સતત પ્રવૃત્ત રહેતા મુકુંદ સીંધવને શતશત નમન.–**ભરત પંડયા, યુ.એસ.એ.**
- હું ગોધરા નોકરી કરતો હતો ત્યારનો મુકુંદભાઈ સાથેનો પરીચય. પોતાનું કામ નીષ્ઠાપુર્વક કરતા. ડો. વલી, અશ્વીન કારીઆ, એ તમામ મીત્રો રેશનાલીસ્ટ ચળવળમાં જોડાયા હતા. –**બીપીનચંદ્ર ભટ્ટ**
- દુઃખદ સમાચાર, મુકુંદભાઈને હાર્દીક સ્મરણાંજલી. જયેશભાઈ તથા પરીવારને હાર્દીક દીલસોજી **ઉત્તમ પરમાર (કીમ) ઉપપ્રમુખ, ગુજરાત મુંબઈ રેશનાલીસ્ટ એસોસીએશન.**
- લાલ સલામ, મુકુંદભાઈને –**હીરેન ગાંધી, અમદાવાદ.**
- સ્મરણાંજલી. બહુ વાંચન, તર્ક, મંથન અને દ્રઢ સંકલ્પશકતી બાદ એક રેશનાલીસ્ટ બને છે. આથી એક રેશનાલીસ્ટની વીદાય એ સમગ્ર વીશ્વને મોટી ખોટ હોય છે. –**ડો. વીજય મહેતા, રાજકોટ**

આ ઉપરાંત પ્રો. જયંતી પટેલ (અમદાવાદ), પ્રવીણસીંહ જાડેજા (અમદાવાદ), ડો. પ્રો. મિહીર દવે, પાલનપુર, સોફીયા ખાન, (અમદાવાદ) મનસુખ નારીયા (સુરત) રવી ચૌહાણ (રાજકોટ), પંકજ પટેલ (ગાંધીનજાર), ધ્રુતી મોદી, બકુલાબેન ઘાસવાલા (વલસાડ), હકીમ રંગવાલા ભાવનગર બીજા ઘણાએ મુકુંદભાઈને સ્મરણાંજલી આપી છે.

- He was honest and committed. We lost a soldier and fighter. I pay my tribute. –**ડો. રથ. (અમદાવાદ–એમ.એસ.ડી.)**
- Yet another rationalist gone. The nation is this much poorer, while forces of dark ages are strengthening,

  **-Yashvant Mehta, Ahmedabad.**
- Oh ! Red salute to him. We have lost one of the committed persons with left ideology and rationality **-Kamal Oza.**

# પ્રતીબદ્ધ રેશનાલીસ્ટ મુકુંદભાઈ સીંધવ

-ડો. માહ્યાવંશી

તારીખ ૧૭મી ડીસેમ્બરના રોજ સવાર સવારના જ સમાચાર મળ્યા કે ગુજરાતનાં માનવવાદી રેશનાલીસ્ટ પ્રવૃત્તીના એક અગ્રણી - ગોધરા નીવાસી મુકુંદભાઈ સીંધવનું ટુંકી માંદગીમાં અવસાન થયું છે. ભાઈ મુકુંદભાઈનો પરીચય છેલ્લા ત્રણ દાયકા કરતાં પણ વધારે સમયથી હતો.

મુકુંદભાઈનો મુળ વૈચારીક વારસો ડાબેરી કર્મનીષ્ઠ તરીકેનો હતો. ગરીબો, વંચીતો, નીઃસહાય અને અસંગઠીત કામદારોના હકકો તેમ જ કલ્યાણ માટે તે સમર્પીત હતા. તેમનો સ્પષ્ટ મત હતો કે સમાજના વંચીતોની સ્થીતી તેઓનામાં પ્રવર્તમાન અંધશ્રદ્ધા વહેમો અને કુરીવાજો વગેરે તેમના વીરુદ્ધની સમાજ વ્યવસ્થાની દેણ છે. સદર વ્યવસ્થાનો પાયો ધર્મો આધારીત છે. આપણે ધર્મનીરપેક્ષ સમાજ બનાવીએ તો જ પેલા વંચીતોના સમુહમાં 'નવી સુબહ' આવે !

તેથી મુકુંદભાઈએ પોતાની ડાબેરી સમાજવાદી પ્રવૃત્તી સાથે સાથે અંધશ્રદ્ધા-વહેમો વગેરે દુર કરવા રેશનાલીઝમને પણ પોતાના કાર્યક્ષેત્રના એક ભાગ તરીકે જીવનભર સ્વીકારી લીધો હતો. ડો. સુજાત વલી, અશ્વીનભાઈ કારીઆ અને મુકુંદ સીંધવની ત્રીપુટીએ અન્ય સાથીઓના સહકારથી 'હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ સોસાયટી, 'ગોધરા'ની સ્થાપના કરી. ગોધરા અને પંચમહાલ જીલ્લાની આજુબાજુનાં ગામોમાં સતત જીવનભર મુકુંદભાઈ અંધશ્રદ્ધા વીરુદ્ધ અને રેશનાલીસ્ટ પ્રવૃત્તીના લોકજાગૃતીના કાર્યક્રમો કરતા જ રહ્યા.

મુકુંદભાઈને સદર કામોની કદરના ભાગરુપે 'સુરત સત્યશોધક સભા' એ તેઓને 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રક એનાયત કરીને એમનું બહુમાન કર્યું હતું.

અમારી પ્રવૃત્તીના આવા પરીપકવ સાથીની આકસ્મીક કાયમી વીદાય વેળાએ ગુજરાત રાજય અને ગોધરા શહેરની રેશનાલીસ્ટ માનવવાદી પ્રવૃત્તીઓને સંપુર્ણ સમર્પીત થઈને તેને આગળ વધારતા રહીએ. એ જ આપણા સૌની ફરજ થઈ પડે છે.

# અદના આદમી મુકુંદભાઈ

**–સીદ્ધાર્થ દેગામી**

આપણા સ્વજનસમ મીત્ર મુકુંદભાઈ સીંધવે જીંદગીને અલવીદા કહી દીધું. તેઓશ્રી એક આદર્શ જીવન જીવી ગયા, અને આપણા બધાને માટે અનેક સ્મૃતીઓ હંમેશને માટે મુકી ગયા.

જીંદગીનો એ જ સાચોસાચ પડઘો છે ગની,
હોય ના વ્યકતી, ને એનું નામ બોલાયા કરે !

મુકુંદભાઈ સાથેનો મારો પરીચય ચાર દાયકા પહેલા ગોધરા-દાહોદ વીસ્તારમાં અંધશ્રદ્ધા નીવારણ કાર્યક્રમમાં થયો. કૃષી મદદનીશ અધીકારી તરીકેની ફરજ બજાવતા-બજાવતા મુકુંદભાઈએ ગ્રામ વીસ્તારના લોકોના પ્રશ્નોને જાણ્યા-જોયા. વહેમ-અંધશ્રદ્ધા, કુરીવાજો, અજ્ઞાનતા, અન્યાય, અત્યાચાર, અસમાનતા, ધાર્મીક શોષણ, ઉંચ-નીચ કે ન્યાત-જાતના ભેદભાવ એમણે જોયા. ભુવા-ભગતો, ફકીર-ઓલીયાઓને ગામના ભોળા લોકોને મંત્ર-તંત્ર, દોરા-ધાગા કરીને છેતરતા જોયા. મુકુંદભાઈએ લોકોને અંધશ્રદ્ધામાંથી મુકત કરવા વ્યાખ્યાન વાર્તાલાપ શરુ કર્યા. મીટીંગો શરુ કરી, પણ લોકોની માનસીક નબળાઈને કારણે તેઓ જોડાતા નહીં. એક પ્રકારના ભયને કારણે લોકો ભેગા પણ થતાં નહીં. આવી સ્થીતીમાં મુકુંદભાઈએ ચમત્કારના પ્રયોગોનું નીદર્શન કરવા માટે સુરત સત્યશોધક સભાને નીમંત્રણ આપ્યું. સરતથી હું અને બાબુભાઈ દેસાઈ અંધશ્રદ્ધા નીવારણ માટે ચમત્કારના પર્દાફાશના કાર્યક્રમ માટે ગયા. ‘મયુર સોઇંગ’ની તેમની દુકાને પ્રથમ વખત મળ્યા. ચમત્કારના પ્રયોગોથી લોકો આકર્ષાયા. ચમત્કારો પાછળનું વૈજ્ઞાનીક કારણ જાણતા લોકોને સાચી સમજ મળી.

ત્યાર પછી તો અવારનવાર મળવાનું થયું. પ્રી. અશ્વીનભાઈ કારીઆ, ડૉ. સુજાત વલી અને અન્ય જાગૃત મીત્રો એકઠા મળી ‘હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ સોસાયટી, ગોધરા’ની સ્થાપના કરી. માનવતા સાથે વીજ્ઞાનનો સુમેળ સાધવા આજે ગોધરામાં આ મીત્રો થકી જીલ્લા લોકવીજ્ઞાન કેન્દ્રની સ્થાપના થઈ છે.

સને ૧૯૯૯માં સત્યશોધક સભાએ ભારત સરકારના વીજ્ઞાન અને ટેકનોલોજી વીભાગની પ્રવૃત્તી ‘રાષ્ટ્રીય બાળ વીજ્ઞાન કોંગ્રેસ’ સંભાળી. ગુજરાત રાજયના તમામ જીલ્લામાં આ પ્રવૃત્તી કરવાની હતી. દરેક જીલ્લામાં જીલ્લા સંવાહકની નીમણુંક કરવાની હતી. દાહોદ-ગોધરા વીસ્તારમાં શીક્ષણ વીભાગ સાથે અમારો એવો પરીચય નહી. કોને જવાબદારી સોંપવી ? એક પ્રશ્ન હતો. અમે મુકુંદભાઈનો સંપર્ક કર્યો. તેમણે તરત કહયું કે ‘ચીંતા કરશો નહીં.’ આ વીસ્તારમાં વીજ્ઞાન ક્ષેત્રે કામ કરનારાનાં નામ હું તમને આપીશ. તેમને ગોધરામાંથી ભાઈશ્રી ભરતસીંહ સોલંકી અને દાહોદમાંથી ઝેબ્બુનીશાબેન પઠાણના નામ આપ્યા. બંને જીલ્લામાં રાષ્ટ્રીય બાળવીજ્ઞાન કોંગ્રેસની સારી પ્રવૃત્તી થઈ. પંચમહાલના પછાત વીસ્તારના

બાળ વૈજ્ઞાનીકોએ ગુજરાત બહાર અન્ય રાજયોમાં ભાગ લઈ રાષ્ટ્રીય કક્ષાએ નામના મેળવી જે મુકુંદભાઈને આભારી  છે.

મુકુંદભાઈ સાથેના બીજા પ્રસંગનો પણ અત્રે ઉલ્લેખ કરવો જરુરી છે. રાષ્ટ્રીય બાળ વીજ્ઞાન કોંગ્રેસની રાજયકક્ષાની સ્પર્ધા ગોધરામાં રાખવાની હતી. ૨૦૦ જેટલા બાળવૈજ્ઞાનીકો તેમના માર્ગદર્શક શીક્ષક સાથે ભાગ લેનાર હતા. ત્રણ દીવસ સુધી કાર્યક્રમ રાખવાનો હતો. અમારી પાસે મર્યાદીત ભંડોળ હતું. 'કાર્યક્રમ થશે કે કેમ ?' તેની ચીંતા હતી. અમોએ મુકુંદભાઈ અને ડો. સુજાત વલીને અમારી મુંઝવણ જણાવી. તેમણે કહયું કે, 'કાર્યક્રમ થઈ જશે. તમે હવે ચીંતા છોડો. એ હવે અમારી જવાબદારી છે.' તેમણે નીવાસી બે ત્રણ શાળાઓના સંચાલકોનો સંપર્ક કરી અમને બોલાવ્યા. સંચાલક-આચાર્યશ્રી સાથે અમારી મીટીંગ ગોઠવી. કાર્યક્રમ ગોઠવાયો. દીવસે બાળ વૈજ્ઞાનીકોના પ્રોજેકટનું  પ્રેઝન્ટેશન અને રાત્રે સાંસ્કૃતીક, પ્રયોગ નીદર્શન અને આકાશ દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સૌ સ્પર્ધકો અને શીક્ષકોને પંચમહાલ જીલ્લાની સ્મૃતી કાયમી બની રહે તે માટે પાવાગઢના ઐતીહાસીક કીલ્લાની તસ્વીર સ્મૃતી ભેટ તરીકે અર્પણ કરવામાં આવી હતી. ડો. સુજાત વલી, મુકુંદભાઈ અને તેમની ટીમની જહેમતને કારણે અમારો એ કાર્યક્રમ સફળ રહયો હતો.

મુકુંદભાઈ માનવતાવાદી, રેશનાલીસ્ટ, ખગોળજ્ઞાની અને પ્રકૃતીપ્રેમી માણસ હતા. પોતાની પાસે અઢળક સંપત્તી નહોતી પણ હૈયામાં સૌને માટે હેતની હેલી વરસતી હતી. જીવનમાં સૌથી કોઈ ઉંચો ધર્મ હોય તો તે માનવધર્મ છે એવું માનતા. એમનું જીવન ખુબ સાદુ, ભપકો-ઠાઠમાઠ, કપડાં કે ભૌતીક સમૃદ્ધીનો બીલકુલ મોહ નહીં. નેપથ્યના માણસ સ્ટેજ પર બહુ ઓછા જોવા મળે. વકતા કરતા શ્રોતા રહેનારા અમારા માણસ હતા. પડદા પાછળ રહીને બહું અમુલ્ય કાર્ય તેમને કર્યું હતું. ગોધરામાં રેશનલ અને માનવતાવાદી પ્રવૃત્તીની જયોત જગાવવામાં મુકુંદભાઈનો ફાળો અનેરો છે.

મુકુંદભાઈથી યુવા કાર્યકરો ખુબ પ્રભાવીત થયા છે.  મુકુંદભાઈ યુવાનોને કહેતા કે, 'જીવનમાં કઠીનમાં કઠીન પરીસ્થીતીમાં હીંમત હારી પ્રભુને શરણે જઈ, બે હાથ જોડી ભીખ માંગવા કરતાં પોતાના પર ભરોસો રાખી, બે હાથને કામે લગાડી આવેલ કઠીન પરીસ્થીતીને દુર કરવા સંઘર્ષ કરો.'

મુકુંદભાઈના વ્યકતીત્વની મહત્વની ખુબી એ હતી કે તેઓ કદી કોઈ પ્રત્યે ગુસ્સો, તીરસ્કાર, ધૃણા કે નફરત કરતા નહીં. સૌને પોતાના સ્નેહીજન બનાવી દેતા.  સમાજમાં રહેલા વહેમો, અંધશ્રદ્ધા-કુરીવાજોની સમાજ સુધારણા માટે આગવુ કાર્ય તેમને કર્યું છે. તેમની રેશનલ પ્રવૃત્તીઓને ધ્યાનમાં રાખી સત્યશોધક સભાએ રાજયના શ્રેષ્ઠ એવોર્ડ 'રમણ-ભ્રમણ સુવર્ણ ચંદ્રક' અર્પણ કરી તેમને નવાજયા છે.

મુકુંદભાઈની વીદાયથી તેમના પરીવારજનોના જીવનમાં આવી પડેલી અણધારી આપત્તીમાં દુઃખ સહન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય, મીત્રોની હુંફ મળી રહે એ જ અભ્યર્થના.

સૌરભ માનવતાની પ્રસરાવી ગયા તમે,
ને જીવન જીવવાની જડીબુટ્ટી સમજાવતા ગયા તમે.
વ્હેમ-અંધશ્રદ્ધાના અંધકારને ઉલેચ્યા તમે,
ને પાખંડીઓના પાખંડ સામે રેશનલ દીપ પ્રગટાવ્યો તમે.
જન્મકુંડળી કરતાં, કર્મકુંડળીમાં માનનારા તમે,
ઢોંગી બાબા, જયોતીષને પડકારતા ગયા તમે.

# સહૃદયી મીત્ર ગુમાવ્યાનું દુઃખ

**–ડૉ. જયંત માહ્યાવંશી મો. –** 98263 27631

- ગુજરાત અને મુંબઈના રેશનાલીસ્ટ કાર્યકર્તાઓમાં જાણીતું નામ એટલે મુકુંદભાઈ સીંધવ.
- ગોધરા ખાતે ૧૯૮૮થી રેશનાલીઝમ વીષયક પ્રવૃત્તીઓનું અગ્રણી વ્યકતીત્વ એટલે મુકુંદભાઈ સીંધવ.
- પંચમહાલ/દાહોદ જીલ્લામાં અંધશ્રદ્ધા નીવારણના કાર્યક્રમોમાં અગ્રેસર રહી સક્રીયતા દર્શાવનાર એટલે મુકુંદભાઈ સીંધવ.
- ગોધરા નગરની પ્રજાના જાહેર પ્રશ્નો માટે સરકાર કે સ્થાનીક સ્વરાજની સંસ્થાઓ વીરુદ્ધ અવાજ ઉઠાવનાર સક્રીય વ્યકતી તરીકે ગોધરામાં ઘેર ઘેર જાણીતું નામ એટલે મુકુંદભાઈ સીંધવ.
- કરોડો રુપીયાના ભ્રષ્ટાચારના પરીણામે બંધ થયેલી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેન્ક-ફરી કાર્યરત થાય અને ગરીબ થાપણદારોને એમની થાપણ પાછી મળે એ માટે ગોધરાના થોડા અગ્રણી નાગરીકો ઝઝુમ્યા હતા. એ પૈકીના એક એટલે મુકુંદભાઈ સીંધવ.
- વર્ષ ૨૦૦૪ની શરુઆતમાં લીમખેડા (દાહોદ જીલ્લો)માં એક માણસે પોતાની બાધા માટે પોતાનું જ બલીદાન આપેલું. એ ઘટનાથી હચમચી ગયેલા સંવેદનશીલ માનવી એટલે મુકુંદભાઈ સીંધવ. આ ઘટના પછી મુકુંદભાઈએ દાહોદ જીલ્લામાં ફેબ્રુઆરી માસમાં વીજ્ઞાનયાત્રા શરુ કરી હતી.

છેવટે ગોધરા ખાતે ‘રમણભ્રમણ સુવર્ણચંદ્રક’ - એનાયત કરવાનો કાર્યક્રમ યોજી તેઓને ચંદ્રક સ્વીકારવા રાજી કરાયા હતા. તા. ૧-૫-૨૦૧૧ ના રોજ ગોધરા ખાતે યોજાયેલ વીશાળ સભામાં ગુજરાત-મુંબઈના રેશનાલીસ્ટ સાથીઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

ગોધરા ખાતે ડો. સુજાત વલીના હંમેશાં સાથી કાર્યકર રહયા છે. જાહેર પ્રવૃત્તી/ કાર્યક્રમોમાં સાથી તો ખરા જ, ડો. વલીના અંગત સ્નેહમીત્ર તરીકે ડો. વલીની આગળ ઢાલ થઈને રહ્યા છે. એ જ રીતે પ્રો. અશ્વીન કારીઆ સાહેબ સાથે અશ્વીની આર્ટ પ્રા. લી. હેઠળ પ્રવૃત્તી માટે સબળ સક્રીય કાર્યકર રહયા.

ડો. કારીઆના અંગત મીત્ર પણ ખરા જ. અન્ય સાથીઓ અને અંતર્ગત મીત્રોનો ઉલ્લેખ કરતો નથી, સ્થળ-સંકોચના કારણે. ૧૯૯૫ પછી ગોધરા ખાતે મારો પરીચય થયો. માનવીય અભીગમ, વૈજ્ઞાનીક અભીગમ પ્રત્યે ઉંડી નીસ્બત ધરાવનાર મુકુંદભાઈ સાથે પરીચય થયા પછી કયારે સહૃદયી મીત્ર બની ગયા એનો અણસાર પણ ના રહયો.

તા. ૨૩-૭-૧૯૫૩ના રોજ ભાયાવદર ગામે (જીલ્લો - રાજકોટ) જન્મેલા અને તા. ૧૭-૧૨-૨૦૨૦ ના રોજ કાળકૃત થયેલા મુકુંદભાઈ સીંધવની ખોટ તો સાલશે જ. અંગત સહૃદયી મીત્ર ગુમાવ્યાનું દુઃખ ઘણું જ છે.

‘લોક વીજ્ઞાન કેન્દ્ર’ ગોધરાના સંસ્થાપક સભ્યો પૈકીના મુકુંદભાઈ, ‘હ્યુમેનીસ્ટ-રેશનાલીસ્ટ એસોસીએશન - ગોધરા’ના મુળ સથાપક સભ્ય પૈકીના મુકુંદભાઈની યાદો હંમેશાં માનસપટ પર રહેશે. અમે તેઓની સ્મૃતીમાં કામગીરી કરી રહીશું એવી અભ્યર્થના.

---

## મકુંદભાઈ સીંધવ એટલે જમીનનો માણસ

**-ડો. સુજાત વલી, (એમ. ડી. ગાયનેકોલોજીસ્ટ)**
**પ્રમુખ - હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ એસોસીએશન, ગોધરા**

મુકુંદભાઈ વીશે જાણવું અને લખવું હોય તો ૧૦ દીવસ પણ ઓછા પડે. એમના વીશે ટુંકમાં લખીએ તો ‘અદનો માનવ’, જેમાં એક મહામાનવ સમાયેલ, જેનામાં અખૂટ હીમ્મત, ધૈર્ય, ઝનુન અને પરીપકવતા સમાયેલ હતી.

મુકુંદભાઈ અમારા સંપર્કમાં આવ્યા ૩૦ વર્ષ પહેલા. સામાન્ય રીતે આમ સમાજમાં એવું માનવામાં આવતું કે કોમ્યુનીસ્ટો લાગણીશીલ નહીં હોય. મારા અંગત લેવલે તો તેઓ મારા ખાસ મીત્ર, સાથીદાર અને વડીલ બની રહ્યા એ વાતો કોઈ પ્રસંગે કરી શકું, પરંતુ ગોધરામાં અંધશ્રદ્ધા વીરુદ્ધ, અને માનવતા વીરુદ્ધ અન્યાય કે અત્યાચારની વાતો ભલે આર્થીક, સામાજીક કે રાજકીય હોય પરંતુ એ બધાની સામે એક માણસ અડીખમ એની સામે ઉભો થઈ જાય તો એનું નામ મકુંદભાઈ.

ગોધરામાં અંધશ્રદ્ધા વીરુદ્ધ અને માનવ મુલ્યો માટેની લડતના પાયા જમાવનાર મુકુંદભાઈ. એમણે પ્રો. અશ્વીન કારીઆ, ડો. માહ્યાવંશી અને મને અથવા તો અમને બધાને

સાથે રાખીને અંધશ્રદ્ધા વીરુદ્ધ ઘણી બધી પ્રવૃત્તીઓ શરુ કરાવી, જેવી કે કાળી ચૌદશની રાત્રે સ્મશાનમાં ભુત-પ્રેત કે ચમત્કાર છે જ નહીં એ પ્રોગ્રામ શરુ કરાવનાર મુકુંદભાઈ હતા. આજુબાજુના વીસ્તારોમાં અંધશ્રદ્ધાની વાતો હોય કે ઘટનાઓ હોય, જેવી કે કોઈ જગ્યાએ ચમત્કારીક દેવીઓ હોય કે પાખંડી સાધુ કે ફકીર હોય, મુકુંદભાઈ ત્યાં એકલા પહોચવામાં અગ્રેસર બની રહેતા. ઘણી ઘટનાઓમાં અમારી સામેલગીરી ઉમેરાતી. એમનું મુખ્ય કામ અંધ-શ્રદ્ધા નીર્મુલનનું રહ્યું. એ ઉપરાંત તેઓ હંમેશાં સામાજીક કે રાજકીય અન્યાય સાથે એટલા જ જુસ્સાથી ઉભા થઈ જતા.

સ્ત્રી-પુરુષના લીંગ ભેદ વીશે કે નાત-જાતની વીરુદ્ધમાં પણ તેઓ એટલા જ જુસ્સાથી પોતાનો અવાજ ઉઠાવતા. ગોધરાના આજુબાજુના વીસ્તારમાં માનવ હક્કોનું હનન થાય ત્યાં મુકુંદભાઈ પહોચી જ જતા. તેઓ સમાજની રુઢીગત, અન્યાયયુકત, પરંપરાઓની વીરુદ્ધ આક્રમક બળવાખોર બનીને યોદ્ધા તરીકે લડી લેતા. તેમના પર અંગત રીતે ઘણીવાર હુમલાઓ થયા, ધમકીઓ મળી, પરંતુ તેમને કદી પણ નમતું જોખ્યું નહી.

તેઓ ફકત બળવાખોર ન બની રહયા, પરંતુ સાથે સાથે કન્સ્ટ્રકટીવ અને ક્રીયેટીવ પ્રવૃત્તીઓમાં પણ એટલા જ ડુબેલા રહયા. આરોગ્યમાં વીજ્ઞાનને વેગ આપતી પ્રવૃત્તીઓ દરેક શાળામાં અને દરેક ગામમાં ફેલાય એ હેતુથી વીજ્ઞાન કલબ અને વીજ્ઞાન સેન્ટરની સ્થાપનામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

એમની મહત્ત્વની પ્રવૃત્તીઓ નીચે મુજબ હતી :

અંધશ્રદ્ધા નીર્મુલન માટે ગોધરાની અંદર અને ગોધરાની આજુબાજુ અંધશ્રદ્ધાનો પર્દાફાશ કરવામાં લગભગ ૨૫૦ જેટલા પ્રોગ્રામ કર્યા.

ગોધરા અને દાહોદ જીલ્લામાં જયારે ડાકણ જેવી ઘટનાઓ ખુબ જ વધી ત્યારે તેમણે એકલે હાથે ૫૦ ગામોમાં ફરીને સર્વે કર્યો. એની ઉપર લેખો લખ્યા તથા જાગૃતી માટે સાહીત્ય, પુસ્તકો પણ પ્રગટ કર્યાં.

કામણીબાબાના ચમત્કાર વખતે કામણીબાબા તથા એવા અનેક ઢોંગી બાબાઓ વીરુદ્ધ કેસ કર્યો.

ચમત્કારના પર્દાફાશ અંગેના પુસ્તકો છપાવ્યા અને વહેચણી કરી.

ગોધરામાં 'હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ એસોસીએશન'ની સ્થાપના કરી. તેઓ ગોધરામાં જ નહીં, સમગ્ર રાજયમાં કે સમગ્ર દેશમાં કોઈ પણ અન્યાયી ઘટના બને તો તરત જ સેન્સેટીવ રીતે એનો રીસ્પોન્શ આપતા, જેમ કે ઉડીયાઓની કે બીહારમાં દલીતો વીરુદ્ધની ઘટનાઓ હોય, ઉત્તરપ્રદેશમાં મુસ્લીમો વીરુદ્ધ કે મુંબઈમાં કોમી રમખાણો હોય કે ઉત્તરપ્રદેશમાં

દલીત યુવતીઓ પર બળાત્કાર થતો હોય, તેમનું લોહી ઉકળી ઉઠતું. તેઓ આવી ઘટનાઓની વીરુદ્ધમાં સબળ અને ચોકકસ વીરોધ કરતા અને પડકાર પણ કરતા.

ઘણી વખત તેમની જાતને પણ ખતરો ઉભો થઈ જતો, પરંતુ એમણે કદી પણ રાજકીય, સામાજીક કે આર્થીક કીન્નાખોરીને નમતું જોખ્યું ન હતું. તેઓ કોઈપણ જાતની મર્યાદાને આધીન થયા ન હતા.

વીજ્ઞાનના પ્રચાર-પ્રસાર માટે ૨૦૦૫-૨૦૦૬માં એમણે એકલા હાથે ૪૦ ગામોમાં વીજ્ઞાન રેલી કાઢી. તેઓ ઉપરોકત ગામોમાં જઈ આમ ગ્રામજનોને વીજ્ઞાનના પ્રયોગો તથા ચમત્કારના પ્રયોગો બતાવતા, પુસ્તકો વહેંચતા, અને એ જ ગામમાં વીસામો કરતા.

લોકવીજ્ઞાન કેન્દ્રમાં તેમણે પોતે જ હાથે ૨૦ જેટલા મોડેલ બનાવ્યા. ખગોળશાસ્ત્રનું એટલું બધું જ્ઞાન હતું કે દરેક યુવાશીબીર કે વીજ્ઞાનશીબીર  હોય તેમાં પોતે જ યુવાઓને ગ્રહો અને નક્ષત્રની સમજ આપતા. સરકારી નોકરીમાંથી રીટાયર્ડ થયા પછી મોટા ભાગનો સમય અંધશ્રદ્ધા નીર્મુલન અને બાકીનો સમય વીજ્ઞાનનો પ્રચાર-પ્રસાર કરવામાં વીતાવ્યો. તેઓની મહત્તમ પ્રવૃત્તીઓમાં કોમી એકતાની વાત અને નાત-જાતના ભેદભાવ વગરના એક સમાન સમાજની રચના કરવામાં પ્રયત્નને કેમ ભૂલી શકાય ! મુકુંદભાઈ એક નખશીખ, નીડર, સેવાભાવી, લાગણીશીલ, સમાજસેવી તથા સામાજીક એકટીવીસ્ટ બની રહ્યા. એવા સંબંધીને મારા શતશત સલામ.

## રામાયણમાં નીરીશ્વરવાદ

**–પ્રવીણ ગઢવી મો.–૯૯૭૯૮ ૯૩૯૯૮**

રામાયણ-મહાભારત જેવા ધાર્મીક અને વર્ણાશ્રમધર્મી ગ્રંથોમાં શું નીરીશ્વરવાદ હોઈ શકે ? કોઈને પણ નવાઈ લાગે તેવી આ વાત છે. બંને ગ્રંથોમાં નીરીશ્વરવાદીઓ-નાસ્તીકો પર અવારનવાર તીરસ્કાર વ્યકત થયો છે. તેટલું જ નહીં, નાસ્તીકની મીત્રતા ન કરવી, નાસ્તીકનો વધ કરવો. એવા ઉપદેશ પણ મળી આવે છે.

ભારત, વીશ્વમાં પ્રથમ એવો એક દેશ છે, જયાં નાસ્તીકવાદનો જન્મ થયો. ગ્રીસમાં નાસ્તીકવાદી એપીકયુરસ તો સોક્રેટીસ પછી થયો. સોક્રેટીસ બુદ્ધ-મહાવીરના સમકાલીન હતા. જયારે ભારતમાં (વૈજ્ઞાનીક) ચાર્વાક તો વેદકાળ પછી તરત જ કપીલ-બુદ્ધ-મહાવીર તે પહેલા પ્રખર નીરીશ્વવરવાદી થઈ ગયા. એમણે વેદોને ધાર્મોના કૌંભાંડ કહ્યા છે અને ઈશ્વર-સ્વર્ગ-નરક-મોક્ષ ઈત્યાદી ભ્રામક ખ્યાલોનું ભ્રમ નીરસન કર્યું છે. આમ ભારતે તો ખરેખર ચાર્વાક, કપીલ, બુદ્ધ, મહાવીર અને આર્યભટ્ટ માટે ગૌરવ લેવું જોઈએ. તેના બદલે વેદો-ઉપનીષદો-મહાભારત-ભાગવત માટે મીથ્યા ગૌરવ લેવાય છે !

વાલ્મીકી રામાયણમાં રામ જયારે પીતૃવચનના પાલન માટે અયોધ્યા ત્યાગ કરીને વનવાસ જવા નીકળી પડે છે, અને ગંગા પાર કરી ચીત્રકુટ પહોંચે છે ત્યારે મોસાળેથી પરત આવેલો ભરત રામના વનવાસ વીશે જાણી શોકમાં ડુબી જાય છે ને રામને પાછા ફરવા સમજાવવા ચીત્રકુટ જાય છે, ત્યારે સાથે દશરથની રાજસભાના એક આદરણીય મુની જાબાલીને પણ લઈ જાય છે. જાબાલી એક માત્ર નીરીશ્વરવાદી નાસ્તીક મુની હતા.

ભરત અને બીજા ઋષીઓની સમજાવટ નીષ્ફળ જાય છે ત્યારે ભરત છેલ્લે જાબાલી મુનીને રામ સન્મુખ કરે છે.

જાબાલી રામને સમજાવતા કહે છે કે ‘સંસારમાં  કોઈ કોઈનું બંધુ નથી. કોઈ કોઈથી કંઈ મળતું નથી.

જીવ એકલો જ જન્મે છે અને એકલો જ નષ્ટ પામે છે. તેથી હે રામ, જે કોઈ માતાપીતા સમજી તેમાં આસકત થાય છે તેને પાગલ સમજવો જોઈએ, કેમ કે આ જગતમાં કોઈ કોઈનું નથી.

જેમ કોઈ પ્રવાસ કરતા વચ્ચે ધર્મશાળામાં પ્રવાસી એક રાત રોકાઈ જાય છે અને બીજે દીવસે ધર્મશાળા છોડી નીકળી જાય છે, એમ માતાપીતા, ઘર, ધન આ સૌ અસ્થાયી નીવાસસ્થાનો છે, રેનબસેરા છે. બુદ્ધીશાળી સજ્જનો આમાં આસકત થતા નથી.

તેથી હે નરોત્તમ આપે પીતાનું રાજય છોડી દુઃખમય, ઉબડખાબડ અને કાંટાળા માર્ગે ચાલવું ન જોઈએ.

આપ સમૃદ્ધ અયોધ્યાના રાજ સીંહાસને બેસી શાસન કરો. અયોધ્યા નગરી પ્રોષીતભર્તૃકાની જેમ આપની પ્રતીક્ષા કરે છે.

દેવરાજ ઈન્દ્ર જેમ સ્વર્ગમાં વીહાર કરે, તેમ આપ પણ અયોધ્યામાં વીહાર કરો.

રાજા દશરથ આપના કોઈ હતા નહીં. આપ પણ એમના કોઈ નથી. એ અલગ રાજા હતા. આપ અલગ રાજા છો.

પીતા તો સંતાનના જીવ માટે કેવળ નીમીત્ત છે. વાસ્તવમાં  માતા દ્વારા ગર્ભમાં ધારણ કરેલ વીર્ય અને માતાના રજ-ડીંબ(ઇંડું)ના પરસ્પર મીલનથી સંતાનનો જન્મ થાય છે.

દશરથ રાજાએ જયાં જવાનું હતું ત્યાં ગયા. જીવમાત્ર, પ્રાણીમાત્ર માટે આ સ્વાભાવીક છે. આપ કારણ વગર દુઃખી થાઓ છો.

જે લોકો ધર્મ માટે અર્થ (સંપત્તી)નો ત્યાગ કરે છે, તેમના માટે મને દુઃખ થાય છે. તેઓ ધર્મના નામે દુઃખ ભોગવી મરણ પામ્યા છે. મરણ પછી ધર્મએ આપેલ ભ્રામક વચન પ્રમાણે એમને સ્વર્ગનું ઉદ્યાન મળતું નથી.

લોકો શ્રાદ્ધ કરી એમ માની બેસે છે કે તેમણે હોમેલું કે અર્પેલું અન્ન પીતૃઓને મળે છે, પરંતુ ઉંડો વીચાર કરો તો આ માત્ર અન્નનો વ્યય છે. વીનાશ છે. મરેલી વ્યકતી કશું ખાઈ શકે ?

જો અહીં અર્પેલું અન્ન પરલોકમાં પીતૃઓને પહોંચતું હોય તો પ્રવાસીને કે પરદેશી સ્વજનને તે મુજબ અન્ન હોમવું જોઈએ. ભાતું બાંધી આપવાની શી જરુર ? યજ્ઞ કરો, પુજાપાઠ કરો, દીક્ષા ગ્રહણ કરો, જપ-તપ કરો, સંન્યાસી બનો, એવું બધું કહેતા ગ્રંથો બુદ્ધીશાળી (બ્રાહ્મણો)એ ભલાભોળા લોકો પાસેથી મફતમાં અન્ન-વસ્ત્ર-ધન મળે તે માટે બનાવ્યા છે.

રામ, આ લોક સીવાય બીજો કોઈ લોક નથી. તેથી ત્યાં ફળ પ્રાપ્ત કરવા માટે અહીં મીથ્યા ધર્માચરણ કરવાની જરુર નથી. જે પ્રત્યક્ષ પ્રાપ્ત થાય છે તેનો ઉપભોગ કરો, અને પરોક્ષ પારલૌકીક લાભો-ફળોની તૃષ્ણા ન કરો.

સૌ લોકોના માટે હે રામ, સત્પુરુષોની બુદ્ધી યોગ્ય માર્ગ દર્શાવે છે તો તે મુજબ તેમની બુદ્ધીને અનુસરી ભરતની વીનંતી સ્વીકારો અને અયોધ્યા આવી રાજગ્રહણ કરો.

આ એવો અવસર આવ્યો છે કે મારે નાસ્તીકોની વાણી બોલવી પડી છે.

આમ લોકાયત દર્શન એટલું બધું પ્રભાવશાળી તે કાળે હતું કે રામાયણમાં પણ આપત્તીકાળે તેનો ઉપયોગ કરવો પડયો છે. અલબત્ત, ત્યાં શ્રી રામ જાબાલીને ઉત્તર આપે જ છે, પરંતુ તે કાળે પણ આ નીરીશ્વરવાદી વીચારસરણી અસ્તીત્વમાં હતી અને તેના પ્રચારકો આદરભર્યું સ્થાન ધરાવતા તે નોંધવા જેવું વાસ્તવ છે.

---

## તારાબહેનની ચીરવીદાય

સત્યશોધક સભાને વારંવાર માતબર દાન આપનાર તારાબહેન પ્રેસવાલાનું ટુંકી માંદગી બાદ તા. ૨૪-૧૨-૨૦૨૦ ના રોજ નીધન થયું છે. સત્યશોધક સભાના શુભેચ્છક અને સતત દાનનો પ્રવાહ વહેતો રાખનાર તારાબહેનની વીદાયથી સત્યશોધક સભાને મોટી ખોટ પડી છે.

**–સુર્યકાન્ત શાહ** (ઉપપ્રમુખ)

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARBOPARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે અથવા મો.નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

# વીજ્ઞાન, ધર્મ અને માનવવાદ

**–મુ. લે. ડો. એચ. નરસીંહૈયાહ**
**ભાવાનુવાદ : અશ્વીનકુમાર કારીઆ**

આ પથ્વી પર જીવનનો આરંભ અતી સુક્ષ્મ સ્વરુપે આશરે બે અબજ વર્ષ અગાઉ થયેલ હતો. ક્રમશઃ અનેક તબકકાઓમાંથી આ જીવન પ્રક્રીયા પસાર થયેલ છે. ચાર્લ્સ ડાર્વીનના ઉત્ક્રાંતીવાદથી માનવ જાતના વીકાસના તબકકાની જાણકારીએ નવા યુગની શરુઆત થઈ. તેમાંયે ભાષાના વીકાસથી માનવજાતે અદ્ભુત વીકાસ સાધ્યો છે.

પ્રાથમીક સમાજના માનવને કુદરતની ગતીવીધીઓ વીશે ખાસ જાણકારી ન હતી. કુદરતી બનાવોની તેના પર પ્રગાઢ અસર હતી. વીજળીના કડાકા, તોફાન, પુર, એને મન રહસ્યમય ઘટના હતી. તેને આ બધું અલૌકીક લાગતું હતું. મૃત્યુના બનાવથી તેના માનસ પર ભુંસી ન શકાય તેવી અસર ઉત્પન્ન થતી હતી. સમયના વહેણ સાથે તેની વીચારશકતીનો પણ વીકાસ થયો. કુતુહલવશ અને રસપુર્વક આસપાસના બનાવોનું તે નીરીક્ષણ કરી પ્રશ્નો કરતો રહયો. વીજ્ઞાન અને વૈજ્ઞાનીક દ્રષ્ટીકોણની અહીંથી શરુઆત થઈ.

બહુ ઓછા લોકો વીજ્ઞાનને સાચા અર્થમાં સમજી શકયા છે. વીજ્ઞાન કુદરતી બનાવો નીહાળે છે, તેના પર પરીક્ષણ કરે છે, તેનાં તારણો તારવે છે અને તેનાં પરીણામો સમજાવે છે. આ પ્રક્રીયા વીજ્ઞાનનો નીયમ બને છે. આમ વીજ્ઞાન તાર્કીક અનુમાનો અને અનુભવેલાં નીરીક્ષણોના આધારે સત્ય સુધી પહોંચે છે. પ્રયોગ અને બનાવોનું પુનરાવર્તન વીજ્ઞાનનો અંતર્ગત ભાગ છે. વીજ્ઞાનમાં પુરાવા વગરની કોઈપણ વાત અસ્વીકાર્ય છે. વીજ્ઞાનમાં નીયમ સ્થાપીત થવા પુર્વે એણે પ્રયોગની ચકાસણીમાંથી પસાર થવું પડે છે. દરેક બાબત પર સવાલ ઉઠાવી તેનું સત્યાન્વેષણ કરવામાં આવે છે. પુસ્તક ગમે તેટલું પ્રાચીન અને વ્યકતી ગમે તેટલી મહાન હોય તો પણ તેની અધીકૃતતા વીજ્ઞાનને માન્ય નથી. વીજ્ઞાન સત્ય માટે પ્રતીબદ્ધ અને સમર્પીત છે. વીજ્ઞાન સંપુર્ણપણે બીનઅંગત છે. વીજ્ઞાનીને કોઈ ગમા-અણગમા કે સ્થાપીત હીત હોતા નથી.

વીજ્ઞાની પ્રમાણીકતા અને સત્યને વરેલો હોય છે. તે ખુલ્લું (open) માનસ ધરાવે છે, પરંતુ તેનો અર્થ એવો નથી કે તે ખાલી (vacant) માનસ ધરાવે છે. તેનું માનસ પેરાશુટ જેવું છે કે  જે જરુર પડે ત્યારે કામ કરે છે. વીજ્ઞાનનાં તમામ તારણો કામચલાઉ હોય છે. નવી માહીતી કે પ્રયોગોના આધારે તેની સમીક્ષા અને તેમાં ફેરફાર થાય છે. આ વૈજ્ઞાનીક દ્રષ્ટીકોણ અથવા સત્ય જાણવાની પદ્ધતી વૈજ્ઞાનીક પદ્ધતી કહેવાય.

વૈજ્ઞાનીક પદ્ધતી વૈશ્વીક છે, અને તે માત્ર સમસ્યા જાણવાનું નહીં, પરંતુ તેના ઉકેલ માટેનું પણ અસરકારક સાધન છે.

**વીજ્ઞાનની અજ્ઞાનતા સામે લડાઈ :**

વૈજ્ઞાનીક સંશોધનો અને તેના પરીપાકરુપે માનવ જીવન વધુ સુંદર, માણવા લાયક, આનંદપ્રદ અને પ્રગતીશીલ બન્યું છે. વીજ્ઞાનની અજ્ઞાનતાના અવરોધ સામેની આ લડાઈ હજુ ચાલુ જ છે. વીજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી અકલ્પનીય વીકાસ સધાયો છે, પરંતુ તે સાથે એ અફસોસજનક બાબત  છે કે તેનાં પ્રમાણમાં વૈજ્ઞાનીક દ્રષ્ટીકોણનો બરાબર વીકાસ થયો નથી. ગત ૧૦૦ વર્ષમાં માનવ સંસ્કૃતીના ભૌતીક પાસામાં થયેલ વીકાસ તે પહેલાના સમગ્ર સમય દરમ્યાન થયેલ વીકાસ કરતાં પણ વધારે છે અને તે માત્ર વીજ્ઞાન અને ટેકનોલોજીના આધારે છે. ઉદ્યોગ, ખેતી, સંરક્ષણ, દવા અને વહીવટમાં અનેક સમસ્યાઓનો ઉકેલ શોધાયો છે. તેનાથી માનવમાં દૈનીક અને સામાજીક જીવનમાં પરીવર્તન આવ્યું છે. મુશ્કેલી એ છે કે જે ઝડપથી વીજ્ઞાન અને ટેકનોલોજીનો વીકાસ થઈ રહયો છે તેનાથી અર્ધી ઝડપે પણ સામાજીક વર્તનમાં પરીવર્તન નોંધાતું નથી.

**ધર્મની અસરો :**

જુદા જુદા ધર્મોની ઉત્પત્તી, જુદા જુદા સમયે અલગ અલગ દેશોમાં થઈ છે.  દરેક ધર્મનો બીજા ધર્મ સાથે સંઘર્ષ છે.આમ છતાં તમામ ધર્મોમાં ઈશ્વર સમાન તત્ત્વ છે. દરેક ધર્મ પૌરાણીક કથાઓ તેમ જ ચમત્કારોમાં માને છે. દરેક ધર્મને પોતાનો અધીકૃત ગ્રંથ પણ છે, અને તે દૈવી ગણાય છે, પરંતુ આવા કોઈ ગ્રંથમાં બ્રહ્માંડની અદ્‌ભુત કામગીરી વીશે જાણકારી અપાઈ નથી. દરેક ધર્મમાં શ્રદ્ધા તેનો પાયો છે. ધાર્મીક માન્યતા કોઈપણ સવાલ ઉઠાવ્યા વગર કે શંકા દાખવ્યા વીના સ્વીકારી લેવાની હોય છે. તેમાં સ્વર્ગ-નર્કની કલ્પના છે. પુણ્યશાળી લોકોને સ્વર્ગમાં અને પાપી લોકોને નર્કમાં મોકલાતા હોવાની માન્યતા પ્રવર્તે છે.

વૈજ્ઞાનીક સત્યો ઉજાગર કરવા બદલ ખ્રીસ્તી ધર્મે બ્રુનોને જીવતો સળગાવેલ, અને ગેલેલીયોને કેદની સજા કરી હતી. હીંદુ ધર્મમાં વર્ણવ્યવસ્થા મુજબ થયેલ જન્મના આધારે સામાજીક દરજ્જો નકકી થાય છે. વર્ણવ્યવસ્થા સામાજીક દુષણ છે. તેનાથી ઉત્પન્ન થયેલ અસ્પૃશ્યતા હજુ આપણે નાબુદ કરી શકયા નથી. ધર્મના કેટલાંક સારાં પાસાં પણ છે. તેનાથી સમર્પણની ભાવના પેદા થાય છે. દુઃખી અને માંદા માણસોને આશ્વાસન મળે છે. તર્ક, નીરીક્ષણ અને પ્રયોગ વીજ્ઞાનના આધારસ્થંભો છે, જયારે ધર્મમાં પ્રશ્ન પુછવાની કે શંકા કરવાની મનાઈ હોય છે. વીચારશીલ માનવને ધર્મ સાથે ભાગ્યે જ મેળ ખાય. વીજ્ઞાન માનવીય મુલ્યો સાથે ન્યાયી અને પ્રગતીશીલ સમાજની રચના કરવા ઈચ્છે છે. આ માનવવાદ છે.

**માનવવાદનું સાચું સ્વરુપ :**

વૈજ્ઞાનીકો, ધર્મગુરુઓ, વીવેકબુધ્ધીવાદીઓ, સંશયશીલો, નીતીશાસ્ત્રીઓ વ. તમામ પોતાને માનવવાદી ગણાવે છે કારણ કે દરેકનો દાવો છે કે પોતે માનવ કલ્યાણ માટે કામ કરે છે, અને માનવ ગૌરવને હાની થાય તેવું કોઈ કૃત્ય કરતા નથી. તમામ ધર્મો ઈશ્વરપ્રેરીત અને ઈશ્વરકેન્દ્રીત છે. ઈશ્વરનાં અસ્તીત્વ વીશેનો વીવાદ સદીઓથી ચાલતો આવ્યો છે, અને ચાલતો રહેશે. વીજ્ઞાન એકપણ પક્ષનું સમર્થન કે વીરોધ કરતું નથી. વાસ્તવમાં તેની અવગણના કરે છે. વીજ્ઞાને વૈજ્ઞાનીક સત્યો ઉજાગર કરવામાં ઈશ્વરની કલ્પનાનો કયારેય સહારો લીધો નથી.

માનવવાદ, માનવના દૈનીક કે સામાજીક જીવનમાં ઈશ્વરની ભુમીકા નકારે છે. માનવવાદીઓ માને છે કે મૃત્યુ બાદ આત્મા સ્વર્ગ, નર્ક, પુનર્જન્મ, કાંઈ જ નથી. મોત સાથે જીવનનો અંત આવે છે. માનવવાદ, માનવ સમસ્યાઓનો તર્ક મારફતે ઉકેલ લાવવાની એક પધ્ધતી છે. માનવને પોતાની શકતીઓમાં વીશ્વાસ અને તેનો ઉપયોગ કરવાની કુશળતા હોવી જોઈએ. માનવવાદની મુખ્ય ચીંતા માનવની સંભાવ્ય શકતીઓ અને સહનશીલતાના વીકાસની છે. માનવવાદ માને છે કે માનવે કોઈપણ દૈવી તાકાતના સહારા વીના આત્મનીર્ભર બનવું જોઈએ, અને પોતાનાં કાર્યોની જવાબદારી સ્વીકારવી જોઈએ એટલે કે ઈશ્વર ઈચ્છાને આધીન બનવું જોઈએ. નહીં કે તેની ઈચ્છા પર છોડી દેવું જોઈએ. માનવ પોતે જ પોતાના ભાવીનું ઘડતર કરવા સમર્થ છે. તેનો બીજો કોઈ વીધાતા નથી. તે આ દુનીયામાં જ સ્વર્ગ-નર્કની રચના કરી શકે છે. કર્મ, પુનર્જન્મ, મોક્ષના સીધ્ધાંતોમાં માન્યતા ધરાવવાથી સામાજીક પરીવર્તનના, પ્રયત્નોમાં રુકાવટ આવે છે.

માનવવાદ ભાગ્યવાદને નકારે છે. તેને ધાર્મીક ક્રીયાકાંડો કે પ્રાર્થનાની શકતીમાં વીશ્વાસ નથી. માનવવાદ માને છે કે વૈજ્ઞાનીક પધ્ધતીના માધ્યમથી ગરીબી દુર થઈ શકે છે. રોગોની સારવાર થઈ શકે છે. જીવનનો ઉત્કર્ષ થઈ શકે છે. માનવવાદ માને છે કે ધર્મના ઉપદેશના કારણે નીતીમત્તા પેદા થતી નથી. આપણે ખોટું બોલતા નથી, ચોરી કરતા નથી કે છેતરપીંડી આચરતા નથી તે એટલા માટે નહીં કે ગૌતમ, શ્રીકૃષ્ણ, મહમદ પયગમ્બર કે ખુદાએ કહયું છે, પણ એટલા માટે કે અનુભવથી એમ જણાયું છે કે તેનાથી સમાજને નુકસાન થાય છે. નીતીમત્તાને કોઈ દૈવી સમર્થનની જરુર નથી.

માનવવાદનું એક અગત્યનું મુલ્ય માનવ ગૌરવ છે. માનવવાદ મુકત, નીર્ભય, ન્યાયી, સ્વતંત્ર અને ગતીશીલ વીચારધારા આવકારે છે. માનવવાદમાં કોઈ વ્યકતીનું મુલ્યાંકન તેની જાતી, જ્ઞાતી, ધર્મ કે લીંગના આધારે નહીં, પરંતુ તેનાં કાર્યોની ગુણવત્તાના આધારે થાય છે. માનવવાદ સ્પષ્ટ માને છે કે ધર્મ અને રાજ્ય વચ્ચે વીભાજન હોવું જોઈએ. આમ વીજ્ઞાન અને માનવવાદ કેટલાંક સમાન તત્ત્વો ધરાવે છે. બંને વૈશ્વીક અને વીકાસશીલ છે. અલૌકીક ઘટનાઓમાં તેમને વીશ્વાસ નથી. કોઈપણ શીક્ષણ વ્યવસ્થામાં વીજ્ઞાન અને માનવવાદનું શીક્ષણ અપાવું જોઈએ.

---

# બુદ્ધીજીવીઓની અધમ વાક્ચાતુરી

---

**–એન. વી. ચાવડા**

આપણા દેશના કેટલાક ઈશ્વરના પ્રચારક બુદ્ધીજીવી લોકો પોતાની ચીબાવલી અને છેતરપીંડીયુકત લેખનશૈલી વડે આપણા સમાજને કેવી રીતે બેવકૂફ બનાવે છે, તેનો એક નેત્રદીપક દાખલો હમણાં જોવા મળ્યો. એક ધર્મપ્રચારક કહે છે કે, ‘નાસ્તીકો ઈશ્વર પાસે પણ તેનો આધારકાર્ડ માંગે છે.’ વાસ્તવમાં માત્ર શબ્દચાતુરીથી ભરેલું આ બુદ્ધીહીન વીધાન છે. ઉદાહરણ તરીકે આપણે સરકારી કચેરીમાં કોઈ કામ અર્થે જઈએ છીએ ત્યારે સરકારી અધીકારી આપણી પાસે આપણો આધારકાર્ડ માગે છે, પરંતુ ઈશ્વર તો કોઈ નાસ્તીક પાસે કોઈ કામ માટે ગયો જ નથી, પછી કોઈ નાસ્તીક ઈશ્વર પાસે એનો આધારકાર્ડ માગે જ કેમ ? સ્પષ્ટ છે કે આ ધર્મપ્રચારક પાસે તર્કબુદ્ધીનો તીવ્ર અભાવ હોવાથી તે પોતે કેવો બુદ્ધીહીન બકવાસ કરે છે એની એને ખબર રહેતી નથી. માણસ પાસે તર્કબુદ્ધી હોય તો જ તે સત્ય શોધવા તત્પર થઈ શકે, તેમ જ સત્ય બોલી શકે અને સત્ય લખી પણ શકે, પરંતુ જેની પાસે તર્કબુદ્ધી હોય જ નહીં તેવો વીદ્વાન માત્ર પોતાની ચીબાવલી શબ્દ ચાતુરી ભાષામાં તરંગી મગજનો નોનસેંસ તુકકા સીવાય કશું જ સત્ય રજુ કરી શકે નહીં.

આ વીદ્વાન લખે છે કે ‘ઈશ્વર પાસે પણ...’અર્થાત્ આ વીદ્વાને ઈશ્વરને રુબરુ જોયો લાગે છે ! જેને પોતાની નજરમાં જ પોતાનું કોઈ સ્વમાન ન હોય એવી વ્યકતી જ આવા સમાજને ગુમરાહ કરીને ભ્રષ્ટ કરનારાં વીધાનો કરી શકે. ખેદ અને લજ્જાની વાત એ છે કે આપણો સાંપ્રત સમાજ આવા ઘણા બધા તર્કવીહીન વીદ્વાનોથી ભરેલો પડયો છે. જેના પરીણામે જ આજે સમાજનું સર્વતોમુખી અધઃપતન થયું છે.

# દાનની દીશા કઈ ?

**–વ્રજકીશોર શાસ્ત્રી અને શ્વેતાનંદજી**

મંદીરોમાંના ધનથી આપણા પ્રશ્નો ઉકેલાતા નથી. જો તે સોનુ મંદીરોને બદલે લોકો પાસે હોત તો મંદીરો પર હુમલા/લુંટ થાત નહીં. દેશ ગુલામ થાત નહીં. લોકો વધુ સુખી અને સમૃદ્ધ હોત. પશ્ચીમે પૈસા વીજ્ઞાનમાં રોકયા એટલે સમૃદ્ધ થયા. દુનીયાના કોઈ દેશમાં તેનાં ધર્મસ્થાનોમાં આટલાં સોના, ચાંદી ધરાવાતા નથી, તો આપણે જ કેમ ? જરા વીચારો. ઈશ્વરે જ આખી સૃષ્ટી બનાવી છે તો તેમાં રહેલા સોના ચાંદી તેના જ છે ને ! વળી તેમના માટે તો બધુ સરખું જ છે, સોનુ શું અને કથીર શું ? સોનાને તો આપણે કીમતી ગણ્યું છે, એ ચમકતી ધાતુ પૃથ્વી પર ઓછી છે માટે...ઈતીહાસમાંથી આપણે હજુ પણ કાંઈ જ સબક શીખ્યા નથી. આજે પણ પરીસ્થીતી એની એ જ છે કારણ કે આવાં દાનને કોઈ અટકાવનાર નથી.

આપણા દેશનું વાર્ષીક બજેટ ૨૫ લાખ કરોડ છે. તમામ મંદીરોની કુલ આવક ૫૦ લાખ કરોડથી વધુ છે, પછી ગરીબી મજબુત થાય જ ! લોકો ટેક્ષ આપે તેના કરતા દાન વધુ કરે છે. કુદરતી આફતો વખતે લોકો સરકાર પાસેથી સુવીધા સલામતીની મોટી આશા રાખે છે, પણ જેને પ્રીમીયમ ભરે છે તે ધર્મો પાસેથી કોઈ અપેક્ષા રાખતા નથી. દેશનાં મંદીરો સોના ચાંદી અને આરસપહાણથી ચળકાટ મારતાં હોય ત્યારે દેશની શાળાઓમાં બાળકો પાણી, બેંચ, ટોયલેટ વગર ભણતા હોય, ગરીબો ઝૂંપડીઓમાં અનાજ/વસ્તુઓ વગર જીવતા હોય ત્યારે તમને કાંઈ વીચાર આવતો નથી ? શું આ તમારી સામે નથી ? શું આ સમજવા વધારે બુદ્ધીની જરુર છે ? કયાં સુધી અંધારામાં રહેશો ?

આપણે એક વાહન કે વસ્તુ લઈએ છીએ તેની અનેક રીતે ચકાસણી કરીએ છીએ, જેમ કે તેની કંપની (બ્રાંડ નેમ), એવરેજ, ટકાવપણું વગેરે. પણ ધર્મ/ઈશ્વરની બાબતમાં કાંઈ જ ચકાસતા નથી. શા માટે બધું આંખો મીંચીને માની લઈએ છીએ ? જે વાવમાં ઉતારીને વરત (દોરી) કાપે છે, જે માથે રહીને મરાવી નાખે છે તેને શા માટે પુજીએ છીએ ? આશારામ, રામ રહીમ, રામગોપાલ, નીત્યાનંદ, રાધેમા...જેવા સેંકડો છે. સરકાર પણ કાંઈ કરતી નથી કારણ કે એ લોકો તેની સાથે જોડાયેલા છે. હવે તો હદ થઈ ગઈ છે, સમાજને નુકસાનકારક વીચારો થોપનાર લોકોને શોધી કાઢો. તેને ગમેતેમ કરીને અટકાવો, તેનો સામાજીક બહીષ્કાર કરો, નહીંતર તેઓ આપણને વધુને વધુ પછાત બનાવી, ખતમ કરી નાખશે. સવાલ આપણા અસ્તીત્વનો છે.

આજે પણ સોમનાથ, દ્વારકા, અંબાજી, શીરડી સાંઈબાબા, સીદ્ધીવીનાયક, તીરુપતી બાલાજી...વગેરે મંદીરોમાં કરોડો રુપીયા અને સોનુ ચઢાવવામાં આવે છે તેને કેમ કોઈ રોકતું નથી ? જો કે પ્રોત્સાહન અને ઉન્માદ ચઢાવામાં આવતો હોય તો જ આવા અઢળક ધાર્મીક દાન થાય, નહીંતર કોઈ ગાંડાની જેમ પથ્થર પર સોના, રુપીયાના ઢગલા કરે નહીં. મજુરોની મજુરીમાં હંમેશાં કસ કાઢતા રહેતા લોકો જયારે મબલખ ધર્માદો કરે છે ત્યારે તેઓ ઈશ્વરને તો મુર્ખ બનાવે છે, પણ જે લોકો આપણું જ ખાઈને આપણને ખતમ કરવા ઉતાવળા થઈ રહયા છે તેનું શું ? સવાલ એ છે કે જેઓ લોકોનું ધન આવી રીતે ઉડાવી દેવાની પ્રેરણા આપતા હોય એમને પુજય ગણાવા કે દુશ્મન ? અજ્ઞાની હો તો હવે તો જાગો, આ છેલ્લી ટ્રેન છે. સત્ય અને ઈતીહાસ તમારી સામે છે. પછી કોઈ માફ કરશે નહીં.

મુર્તી એ પ્રતીક છે, ઈશ્વર નથી. સનાતન હીંદુ વૈદીક ધર્મમાં મુર્તી માન્ય નથી. મુર્તીપુજાનાં અનેક દુષણો છે. (૧) વીધર્મીઓને આપેલા આકર્ષણથી વરેલો વીનાશ. (૨) અર્થહીન કર્મકાંડમાં અઢળક કીંમતી દ્રવ્યનો નાશ. (૩) પુજાવીધીમાં હજારો માનવ કલાકોનો વ્યય (૪) સોના ચાંદી હીરાના દાગીના માટે, લોકોનું ભયંકર આર્થીક શોષણ (૫) દર્શન કરવા થતી ભીડમાં દર વર્ષે થતા સેંકડો લોકોનાં મૃત્યુ. (૬) મુર્તીપુજામાં થતા દુધ દહીંના અભીષેકથી થતી ગંદકી...અને વ્યકતીપુજા તો ઈશ્વર સામેનો મહાભયંકર અપરાધ છે. પાપ છે. આવી વ્યકતીપુજા તો હીંદુ ધર્મ સીવાય દુનીયાના કોઈ ધર્મમાં છે જ નહીં.

એક સાચા સંતે કહ્યું છે કે દાન કરતા પહેલા (૧) ઘર કુટુંબની જરુરીયાત અને જવાબદારી નીભાવો. (૨) ગરીબ બહેન, દીકરીઓને ચીજ વસ્તુઓ લઈ આપો. (૩) પાડોશી અને સમાજને મદદ કરો. (૪) દેશનું રક્ષણ કરતા સૈનીકોના અને શહીદોના પરીવારને સહાય કરો. (૫) પછી ધન વધે તો ધર્માદો કરો. બીજા એક સંતે કહયું કે ગરીબ, સામાન્ય લોકોએ દાન કરવાની કોઈ જરુર નથી, તેઓ માત્ર સંખ્યા વધારી આપે એટલે ઘણું છે. દાન કરવાવાળા તો કાળાં નાણાંવાળા ઘણા પડયા છે. જે પ્રચુર દાન કરતા હોય છે.

દાનની જ વાત કરીએ તો, અમેરીકાના સૌથી ધનવાન બીલ ગેટસ અને વોરન બફેટે તેમની ૯૦% સંપત્તીનું દાન કર્યું છે. તેની ‘ગીવીંગ પ્લેજ’ યોજનામાં બીજા ૪૦ ઉદ્યોગપતીઓ જોડાયા છે જેમણે ૫૦% થી વધુ સંપત્તીનું દાન કર્યું છે. તેમાં ભારતનાં પણ ત્રણ ધન કુબેરો જોડાયા છે, આ દાન કોઈ ધર્મ માટે નથી, પરંતુ સમગ્ર દુનીયાના લોકો માટે માનવતાવાદી મદદ છે. જયારે ભારતમાં ૯૦% દાન ધાર્મીક હોય છે, છતાં ઈશ્વરની કૃપા થઈને ગરીબી હટી નથી. હા, પાખંડી બાબા ગુરુઓની અમીરી જરુર વધી છે. જો કે ગરીબી નાબુદ કરવા દાન ગરીબોને થવું જોઈએ, પણ તે થતું નથી.

અમેરીકા સૌથી સમૃદ્ધ છે, છતાં દાન સામાજીક છે. ધાર્મીક દાન ઈશ્વરને તો કદી મળતું જ નથી. તે તો ઈશ્વરના દલાલો જ ધર્મના નામે તેની મોજ ઉડાવે છે. તેઓ જ લોકોને દાન ધર્માદા માટે ઉકસાવતા હોય છે. વર્ષે કરોડોનું દાન મેળવનાર મંદીરોએ ગરીબોને મદદ કર્યાનું અમે કયાંય સાંભળ્યું નથી. (અપવાદ માફ, હા, ઘણી જગ્યાએ બધા માટે મફત ભોજન હોય છે) ધાર્મીક દાનથી લોકોમાં નૈતીકતા કે પ્રામાણીકતા વધતી નથી. દાનનો પ્રવાહ પોતાની તરફ વળી રહે તે માટે પરલોકની અને પુણ્યની લાલચ આપે છે. જેની કોઈ ગેરંટી હોતી નથી. લોકો દયાવશ પણ ગરીબોને મદદ ના કરે માટે, પુર્વજન્મના પાપની દુહાઈ આપી, ગરીબ પછાત લોકો તરફ નફરત અને તીરસ્કાર કરાવે રાખે છે, એટલે આઝાદીને ૭૦ વર્ષ થયા, છતાં હજુ ગરીબી, જ્ઞાતીવાદ, અસ્પૃશ્યતા, નફરત ગયા નથી એ હકીકત છે.

આપણા જેટલો આંધળો દેશ કોઈ ના હોઈ શકે, કેમ કે લાખો ગરીબ લોકો કંગાળ હાલતમાં ભુખે મરે તે કોઈને દેખાતું નથી અને કરોડોનાં મંદીરો થઈ રહયાં છે. વળી તેની વાહ વાહ થાય છે, કારણ કે લોકોને ઈરાદાપુર્વક અંધશ્રદ્ધામાં વ્યસ્ત રખાય છે. લોકો એટલુંય નથી સમજતા કે જે દેવ, મંદીરોમાં ચોરીઓ થાય છે, યાત્રાઓની બસના એકસીડન્ટો થાય છે, મંદીરોમાં ઉત્સવો દરમ્યાન ભાગદોડમાં પોતાના શરણે આવતા પોતાના ભકતોને બચાવી શકતા નથી તે ઈશ્વર આપણા ધંધો-રોજગારને કેવી રીતે વધારી શકે ? ...ફળ, શાક, ચંદ્ર વાદળામાં ભળતા આકાર દેખાય તો ભગવાનનો ચમત્કાર ગણી ગાંડાની જેમ ઉત્સાહમાં દોડાદોડી કરી, ઈશ્વરને વધાવીએ છીએ. (જો કે તેવુ વીશ્વમાં કોઈ કરતું નથી) પણ કુદરતના કોપથી હોનારતમાં માણસો મરી જાય તો, જાહેરમાં આવી ઈશ્વરને ધમકાવો છો ખરા ? પેલા આકાર તો આભાસી છે, આ પ્રકોપ વાસ્તવીક છે...આપણે ટેક્ષ બચાવી ભરીએ છીએ, જયારે દાન તો ધર્મમાં હોંશે હોંશે કરીએ છીએ. આપણે કેટલા સારા, ઈશ્વર કે ધાર્મીક સંસ્થાઓ પાસેથી મદદની કશી અપેક્ષા રાખતા નથી ! જો કે રાખો તોય કાંઈ વળેય નહીં ને આપેય નહીં. હા, આપે છે મોક્ષ, સ્વર્ગની કાલ્પનીક, અને મફતમા આશીર્વાદ !

ધર્મ રક્ષતી રક્ષીત: એ લોકોને ભ્રમમાં નાંખવાનું સુત્ર છે : ધર્મને બચાવી રાખવા માટે. ધર્મે/ઈશ્વરે આપણું કયારેય રક્ષણ કર્યુ જ નથી. આપણે આપણી મહામુલી શકતીઓ એમના રક્ષણ માટે જ વેડફી નાખી છે. પુજા-ભકતી કરવાથી શું દુશ્મનો મરી જાય છે ? શું ઈશ્વર તેને લુલા લંગડા કરી નાંખે છે ? ધર્મનું રક્ષણ કરવા જતા આપણે મરી ગયાના દાખલા ઈતીહાસમાં ઘણા છે, પણ જો ધર્મનું રક્ષણ કરવાનું ના હોત તો આપણે દુશ્મનોનો સામે સારી અને સાચી રીતે સામનો કરી શકયા હોત. જીવનના દરેક ક્ષેત્રમાં પણ જયાં સુધી દેશમાં અર્થહીન કર્મકાંડ આધારીત, આજીવીકાલક્ષી, સંકુચીત ધાર્મીકતા છે ત્યાં સુધી આ રાષ્ટ્રને ખતમ કરવા કોઈ દુશ્મનની જરુર પડવાની નથી. વાસ્તવવાદી બનીને, માત્ર ૧૦ ટકા શકતી પણ જો એકતા માટે વાપરી હોત તો આપણો ઈતીહાસ જુદો હોત.

# બીનસાંપ્રદાયીક યુનીવર્સીટી માટે બલીદાન

ખ્રીસ્તી ધર્મના ઓછાયામાં યુનીવર્સીટીઓ શરુ થઈ. ક્રમશઃ સમજાયું કે વીજ્ઞાનની યાત્રા તો બીનસાંપ્રદાયીક જ રાખવી પડે. એ ધર્મથી તદ્‌ન અલીપ્ત હોવી જોઈએ. ખ્રીસ્તી ધર્મના આગેવાનોએ બારમી સદીમાં યુનીવર્સીટીઓ શરુ કરતા તો કરી દીધી, પરંતુ એમાંથી છુટેલો બીનસાંપ્રદાયીકતાનો ઘોડો તેઓ પોતાના તબેલામાં પુનઃ કેદ કરી શકયા નહીં. ખ્રીસ્તી ધર્મના વીચારોથી અલગ અને કેટલીકવાર વીરોધી એવા જ્ઞાનની પ્રાપ્તી થવા માંડી. આથી એના પર ઉગ્ર ચર્ચા થવા માંડી. એમાં બે મુખ્ય વ્યકતીઓએ આ મુદ્દા પર ભારે વીવાદ કર્યો. પીટર એલેયાર્ડ એવો મત ધરાવતા હતા કે યુનીવર્સીટીનું વીધાખેડાણ બીનસાંપ્રદાયીક અને સ્વાયત્ત હોવું જોઈએ. કલેરબોક્ષના બર્નાર્ડ માનતા હતા કે ધર્મના આદેશોની બહાર જ્ઞાન હોઈ શકે જ નહીં. બન્ને વચ્ચેનો વીવાદ ઉત્તરોત્તર ઉગ્ર બનતો ગયો. બર્નાર્ડ પાસે પ્રતીતીકારક દલીલો રહી નહીં. પીટર પાસે રહી અને લોકો એની વાત સ્વીકારવા માંડયા. પરીણામે ધાર્મીક લોકો જે કરે તે બર્નાર્ડે કર્યું. દરેક ધર્મમાં એના આગેવાનોને જો વધારે સમય અસુખ આપતા વીવાદ કે પ્રવૃત્તીઓ થાય તો તેઓ એમની મર્યાદા સ્વીકારતા નથી. વીરોધીને ખતમ કરે છે. બારમી સદીના અંતમાં બર્નાર્ડે એ જ કર્યું. એણે પીટરનું ખુન કરાવી દીધું.

યુનીવર્સીટીની બીનસાંપ્રદાયીકતા અને સ્વાયત્તતા જાળવવા માટે એના પાયામાં સ્થાપનાકાળથી અનેક શહીદોનું રકતસીંચન થયું છે. આજે પણ એવું જ રકતસીંચન થઈ રહયું છે. બીનસાંપ્રદાયીકતાનો વીચાર અને તેમાં માનનારા જાણે કે આજે હીટ લીસ્ટ પર છે ! બારને ઉંધું કરો તો એકવીસ થાય. આ બે આંકડા ઉંધા થયું પરંતુ બારમી અને એકવીસમી સદીમાં ધાર્મીકોની આતંકવાદી વૃત્તીમાં કશો ફેર પડયો નથી !

---

**વીવેકબુદ્ધીવાદ એટલે રેશનાલીઝમ–**ને લગતું સાહીત્ય-પ્રચાર જરુરી છે. તે માટે તજજ્ઞો-ભારત કે વીદેશના લાવીને ભારતે ઝડપી પગલાં ભરવાં પડશે. કારણ કે ભારતના લોકોનું માનસ ગુલામી પ્રથા, ધાર્મીક અંધશ્રદ્ધા. બીન વૈજ્ઞાનીક અને અસહીષ્ણુતાને પણ વરેલું છે. તેથી વીશ્વમાં પછાત અને તેથી વીશ્વમાં પછાત બધા ક્ષેત્રે રહેવાના યોગો બન્યા છે. તેને હૃદયથી સ્વીકારી માનસીક પછાતપણું દુર કરીએ.

**–મોહનભાઈ ર. પટેલ**

**મો. – ૯૨૨૭૮ ૧૮૩૯૧**

**જાન્યુઆરી–૨૦૨૧**

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration
License No. SRT-716/2019-2021 (with prepayment of postage)

## વીચારોથી સમાજ પરીવર્તન થતું હોય છે

દેખીતી રીતે નવાં નવાં શોધાતા ટેલીવીઝન, ઈન્ટરનેટ, ડીજીટલ જેવા સાધનો સમાજ પરીવર્તન કરતા હોય એમ માગે છે. જરા ઉંડાણથી તપાસવામાં આવે તો પુરવાર થાય છે કે સામાજીક-સાંસ્કૃતીક પરીસ્થીતી એવી તૈયાર થઈ હોય છે કે જે આ સાધનોનો આવીષ્કાર થવા દે, અને તેના ઉપયોગ માટે તૈયાર થાય. એક સમય એવો હતો કે ભારતીય સમાજ ફીલ્મોનો સ્વીકારતો નહોતો. મોટા ભાગના ધર્મોપદેશમાં ભગતોને એવું જાણાવતા અને આજે પણ કેટલાક જણાવે છે કે 'ફીલ્મો જોવાથી પાપ લાગે !' આથી અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં ફીલ્મોનો આવીષ્કાર મોડો થયો. આમ, સમાજનું એટલું પરીવર્તન પહેલા આવવું જોઈએ કે તે નવાં સાધનો, પદ્ધતીઓ અને વ્યવહારોને સ્વીકારવા તૈયાર થાય. આ ઉપરાંત બીજું પરીબળ છે વીચાર. ટેલીવીઝન કે ઈન્ટરનેટ તો કોઈ એક વીચારને વ્યવહારમાં મુકવામાં આવતું છેલ્લું સ્ટેશન છે. દ્રશ્ય-શ્રાવ્યને દોરડા કેબલ વગર દુર દુર સુધી મોકલી શકાય એવો ભૌતીકશાસ્ત્ર ક્ષેત્રે વીચાર ઉદ્‌ભવે એટલે અંતે ટેલીવીઝન કે ઈન્ટરનેટ નામના સાધન મળે. આ સાધનો દેખીતા દેખાય, અને તેના ઉપયોગથી સામાજીક સાંસ્કૃતીક પરીવર્તન આવે એટલે કંઈ એ સાધનોને પરીવર્તનના મશાલચી ગણી શકાય નહીં. મુળભુત વીચાર જ સાંસ્કૃતીક પરીવર્તન આણે છે.

**'સત્યાન્વેષણ'ને સફળતાની**
**શુભેચ્છા...**
**એક શુભેચ્છક તરફથી**

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**